અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૨ ઓક્ટોબર ૨૦૨૪, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૦, આસો વદ ૬

વર્ષ : ૧૬
અંક : ૧૧૩

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### આતંકવાદીઓને બક્ષવામાં નહીં આવે : અમિત શાહ

# ગાંદરબલ આતંકવાદી હુમલામાં ડોક્ટર સહિત ૭ લોકોના મોત

### ભોજનની તૈયારીઓ ચાલતી હતી ત્યાં ૩ હથિયારધારી આતંકીઓ પહોંચી ગયા અને ત્યાં વર્કર્સ પર ફાયરિંગ કર્યું



## ગૃહમંત્રીએ મૃતકોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી



આ ઘૃણાસ્પદ કૃત્યમાં સંડોવાયેલા લોકોને બક્ષવામાં આવશે નહીં અને અમારા સુરક્ષા દળો દ્વારા સખત જવાબ આપવામાં આવશે. મૃત્યુ પર શોક વ્યક્ત કરતા ગૃહમંત્રીએ મૃતકોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી. તેમણે કહ્યું કે તેઓ ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરે છે. અધિકારીઓએ જણાવ્યું કે, હુમલામાં બે મજૂરોનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે એક ડોક્ટર સહિત પાંચ અન્ય લોકોનું પાછળથી મોત થયું હતું. પાંચ લોકો ઈજાગ્રસ્ત છે, જેમને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ અને SKIMS શ્રીનગરમાં દાખલ કરવામાં આવ્યા છે. મૃતકોની ઓળખ પંજાબના ગુરદાસપુર નિવાસી ગુરમીત સિંહ, બડગામ નિવાસી ડો. શાહનવાઝ, અનિલ કુમાર શુક્લા, ફહીમ નઝીર, શશી અબરોલ, મોહમ્મદ હનીફ અને કલીમ તરીકે થઈ છે. આ હુમલો નિર્માણાધીન ટનલ પાસે થયો હતો. સુરક્ષા દળોની એક ટીમ ઘટનાસ્થળે હાજર છે.

**। (એજન્સી) જમ્મુ, તા.૨૧ ।**

જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ ફરી માથું ઉચકી રહ્યો છે. તેને કચડવા માટે સેના અને સુરક્ષાદળો અનેક મોરચે કામ કરી રહ્યા છે. લેટેસ્ટ માહિતી મુજબ કાશ્મીરના બારામુલ્લામાં ભયાનક યુદ્ધમાં ઉપયોગમાં લેવાતા હથિયારો સાથે એક આતંકી માર્યો ગયો અને બીજી બાજુ પાકિસ્તાન પ્રાયોજિત આતંકીઓએ ગાંદરબલમાં ૭ લોકોની નિર્દયતાથી હત્યા કરી નાખી. આતંકી હુમલાનો સામનો કરનારા પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યાં મુજબ હુમલામાં સાત લોકોએ જીવ ગુમાવ્યા છે જેમાં એક સ્થાનિક ડોક્ટર પણ સામેલ છે. એટેકમાં ૫ ટનલ વર્કર્સ ગંભીર રીતે ઘાયલ પણ થયા છે. જેઓ શ્રીનગરના શેર એ કાશ્મીર ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસમાં સારવાર હેઠળ છે. રાતે લગભગ ૮.૩૦ વાગે ભોજનનો સમય ચાલુ હતો. આથી ટનલ પર કામ કરતા કામદારો ખાવાનું ખાવા માટે મેસમાં ભેગા થયા હતા. ભોજનની તૈયારીઓ ચાલતી હતી ત્યાં અચાનક ૩ હથિયારધારી આતંકીઓ પહોંચી ગયા અને ત્યાં હાજર વર્કર્સ પર અંધાધૂંધ ફાયરિંગ કર્યું. કોઈ કઈ સમજે તે પહેલા આતંકીઓ વર્કર્સને નિશાન બનાવવાનું શરૂ કરી દીધુ. આ ફાયરિંગમાં બે ગાડીઓ પણ બળીને ખાખ થઈ ગઈ. આતંકીઓએ જે વર્કર્સ પર હુમલો કર્યો તે સોનમર્ગની ઝેડ મોડ સુરંગ પર કામ કરતી ટીમનો ભાગ હતા. આ ટનલ મધ્ય કાશ્મીરના ગાંદરબલ જિલ્લાની ગગનગીર ઘાટીને સોનમર્ગ સાથે જોડે છે. આ ટનલનું કામ યુપીની એપ્કો નામની કન્સ્ટ્રર્કશન કંપની કરી રહી છે. આ ટનલને ૨૦૨૫ સુધી પૂરી કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. આથી અહીં જોરશોરથીકામ ચાલુ હતું. સૂત્રોનું કહેવું છે કે આ હુમલાને લશ્કર એ તૈયબા સાથે જોડાયેલા સંગઠન ધ રેજિસ્ટન્સ ફ્રન્ટ (TRF)એ અંજામ આપ્યો છે અને ટેરર એટેકથી એવું લાગે છે કે આંકીઓ થોડા સમય પહેલા ઘૂસણખોરી કરીને ગુરેલથી થ ઈને ગાંદરબલ પહોંચ્યા હશે. આ આતંકીઓને એવું કહેવાયું હશે કે અહીં કન્સ્ટ્રકશન કંપનીના અનેક મજૂરો અને એન્જિનિયરો કામ કરે છે. બીજી બાજુ કાશ્મીરના બારામુલ્લામાં ભયાનક યુદ્ધમાં ઉપયોગમાં લેવાતા હથિયારો સાથે એક આતંકી માર્યો ગયો. સેનાના ઓફિસરોએ કહ્યું કે સંભવિત ઘૂસણખોરીની કોશિશ વિશે ગુપ્ત માહિતીના આધારે સેના અને જમ્મુ-કાશ્મીર-પોલીસ દ્વારા ઉરીના બારામુલ્લાના સામાન્ય ક્ષેત્રમાં LOC પાસે ઘૂસણખોરીનું ઈનપુટ મળ્યું હતું. ત્યારબાદ અમે એન્ટી ટેરરિસ્ટ ઓપરેશન શરૂ કર્યું. સતર્ક સૈનિકોએ સંદિગ્ધ ગતિવિધિ જોઈ અને આતંકીઓને પડકાર ફેંક્યો તો તેમણે અંધાધૂંધ ફાયરિંગ કર્યું જેનો સૈનિકોએ જોરદાર જવાબ આપ્યો. ભારતીય સેનાની ચિનાર કોર્પ્સે ટ્વીટ કરી કે સેના અને સુરક્ષાદળો અને જમ્મુ કાશ્મીર પોલીસની જોઈન્ટ ટીમે ભારે હથિયારોથી લેસ એક આતંકીને ઠાર કર્યો અને ઘટનાસ્થળેથી 01xAK રાઈફલ, 02xAK મેગેઝીન, 57xAK રાઉન્ડ્સ, 02x પિસ્તોલ, 03x પિસ્તોલ મેગેઝીન અને અન્ય યુદ્ધમાં ઉપયોગમાં લેવાતા હથિયારો મળી આવ્યા. સર્ચ ઓપરેશન અનેક કલાકોથી ચાલુ છે. શાહે 'X' પર લખ્યું, જમ્મુ-કાશ્મીરના ગગનગીરમાં નાગરિકો પરનો કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલો એ ઘૃણાસ્પદ કાયરતાપૂર્ણ કૃત્ય છે.

### તે સમયે શીખ વિરોધી રમખાણોની વર્ષગાંઠ છે

# ૧થી ૧૯ નવેમ્બર સુધી એર ઈન્ડિયામાં ન બેસતા : ખાલિસ્તાની પન્નુનની ચેતવણી

### આ પન્નુન એ જ વ્યક્તિ છે જેની હત્યાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું અને તેમાં ભારતીય અધિકારીઓનો હાથ હતો તેવો આરોપ થયો છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।**



અમેરિકામાં અને કેનેડામાં બેસીને કેટલાક ઉગ્રવાદીઓએ હવે ભારતને ખુલ્લેઆમ ધમકી આપવાનું શરૂ કરી દીધું છે. અલગ ખાલિસ્તાનની માંગણી કરતા અલગાવવાદી લીડર ગુરપતવંત સિંહ પન્નુને ચેતવણી આપી છે કે પહેલી નવેમ્બરથી લઈને ૧૯ નવેમ્બર સુધી કોઈએ એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બેસવું નહીં. આગામી દિવસોમાં ૧૯૮૪ના શીખ વિરોધી તોફાનોની વર્ષગાંઠ ઉજવવાની છે ત્યારે એર ઈન્ડિયાની ફ્લાઈટમાં કોઈએ બેસવું નહીં તેવી ખુલ્લી ચેતવણી પન્નુને આપી છે. આ પન્નુન એ જ વ્યક્તિ છે જેની હત્યાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું અને તેમાં ભારતીય અધિકારીઓનો હાથ હતો તેવો આરોપ થયો છે. પન્નુનનો વાળ વાંકો નથી થયો પરંતુ કાવતરું ખુલ્લું પડી ગયું છે અને તેમાં કેટલાક લોકો પકડાઈ ગયા છે. આ કાવતરામાં રોના પૂર્વ એજન્ટોનો હાથ હતો તેવું કહેવાય છે. જોકે, પન્નુને ક્યારેય પોતાનો ભારત સામનો વિરોધ છુપાવ્યો નથી. અગાઉ પણ તેણે ભારતને આવી ચેતવણીઓ આપી છે.

રિપોર્ટ અનુસાર આગામી દિવસોમાં શીખ વિરોધી રમખાણોની ૪૦મી વર્ષગાંઠ છે ત્યારે તેનું કારણ આપીને પન્નુને લોકોને એર ઈન્ડિયામાં મુસાફરી ન કરવા કહ્યું છે અને તેની તારીખ પણ જાહેર કરી દીધી છે જે પહેલી નવેમ્બરથી ૧૯ નવેમ્બર વચ્ચેની છે. તાજેતરમાં ભારતમાં ૧૦૦થી વધુ ફ્લાઈટમાં બોમ્બ હોવાની વારંવાર ચેતવણીઓ મળી છે ત્યારે પન્નુનની ચેતવણી સ્પેસિફિક એર ઈન્ડિયા માટે છે. ગુરપતવંત સિંહ પન્નુને શીખ ફોર જસ્ટિસ નામનું સંગઠન સ્થાપ્યું છે અને તે કેનેડા તથા અમેરિકાની ડ્યુઅલ સિટિઝનશિપ ધરાવે છે, ગયા વર્ષે પણ તેણે આવી જ ધમકી આપી હતી, પરંતુ કંઈ થયું ન હતું. નવેમ્બર ૨૦૨૩માં પણ પન્નુને એક વીડિયો રિલીઝ કર્યો હતો જેમાં તેણે દાવો કર્યો હતો કે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટનું નામ બદલવામાં આવશે અને લોકોએ પણ નવેમ્બર મહિનામાં આ એરપોર્ટનો ઉપયોગ ન કરવો કારણ કે ગમે ત્યારે હુમલો થઈ શકે છે. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ તેની સામે ક્રિમિનલ ષડયંત્ર ઘડવાનો અને ધર્મના આધારે લોકો વચ્ચે નફરત ફેલાવવાનો આરોપ મૂક્યો હતો. ત્યાર પછી ગયા વર્ષે ડિસેમ્બરમાં પણ પન્નુને પોતાનું પોત પ્રકાશ્યું હતું અને ૧૩મી ડિસેમ્બર અથવા તેનાથી અગાઉ સંસદ પર હુમલો કરવાની ધમકી આપી હતી. પન્નુનની હત્યા કરવાના પ્લોટ ફેલ રહ્યા પછી તેણે એટેક કરવાની ધમકી આપી હતી.







# સુરતમાં ચાલુ પાર્ટીમાંથી સ્પા ગર્લ સહિત ૧૪ ઝડપાઈ ગયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

ગાંધીના ગુજરાતમાં દિનપ્રતિદિન દારૂ, ગાંજા સહિતની નશાખોરીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. ખાસ કરીને અમદાવાદ, સુરત, વડોદરા જેવા ગુજરાતના મોટા શહેરોમાં હવે દારૂની પાર્ટી એક ફેશન, એક સ્ટેટસ સિમ્બોલ બની ગઈ છે. નબીરાઓ પાર્ટી પ્લોટ અને ફાર્મ હાઉસમાં દારૂ પાર્ટીઓનું આયોજન કરતા હોય છે. જેમાં શરાબની સાથે શબાબ અને કબાબની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. આવી જ એક હાઈફાઈ પાર્ટી સુરત શહેરમાં ચાલતી હતી. જ્યાંથી પોલીસે સ્પા ગર્લ સહિત ૯ યુવતીઓ અને ૫ મહિલાઓ સહિત કુલ ૧૪ લોકોની અટકાયત કરવામાં આવી. આ ઘટના છે ડાયમંડનગરી સુરતની...સુરતના મગદલા ગામ વિસ્તારમાં આવેલા એક ઘરમાં બાતમીના આધારે CID ક્રાઈમ દ્વારા રેડ પાડવામાં આવી હતી. જ્યાં નબીરાઓ દારૂ અને ગાંજાની પાર્ટી કરતા જોવા મળ્યાં. સાથે જ ત્યાં સ્પા ગર્લ અને અન્ય યુવતીઓ પણ હાજર હતી. શરાબ, શબાબ અને કબાબ સહિતની તમામ વ્યવસ્થા આ પાર્ટીમાં હતી. પણ પોલીસે આવીને પાર્ટીમાં ભંગ પાડ્યો. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, આ પાર્ટીમાંથી નવ ગ્રામ એમડી ડ્રગ્સ, ૨૨ ગ્રામ ગાંજો અને સાત દારૂની બોટલ જપ્ત કરવામાં આવી છે. ગાંધીનગર સીઆઈડી ક્રાઈમને ડ્રગ્સની બાતમી મળી હતી. જે આધારે રેડ પાડવામાં આવતા ચાલતી પાર્ટી પણ મળી આવી હતી. પોલીસ દ્વારા બાતમી આધારે આ રેડ પાડવામાં આવતા ડ્રગ્સ, ગાંજો અને દારૂ સાથે ચાલતી પાર્ટી પકડી પાડવામાં આવી હતી. સીઆઈડી ક્રાઈમ દ્વારા થાઈ ગર્લ સહિત ૯ યુવતી અને ૫ યુવાનની અટકાયત કરવામાં આવી છે. હાલ તમામના મેડિલક ટેસ્ટ કરવા માટે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા છે. સીઆઈડી ક્રાઈમ દ્વારા ડ્રગ્સનો ગુનો નોંધવામાં આવ્યો છે. મેડિકલ પરીક્ષણ થઈ ગયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સીઆઈડી ક્રાઈમે ડ્રગ્સનો ગુનો નોંધી આ તમામ સામે કાર્યવાહી હાથ ધરી છે.

# ઈકો સેન્સિટીવ ઝોન લાગુ ન કરવા ખેડૂતો લડી લેવાના મૂડમાં

। (એજન્સી) ગીર સોમનાથ, તા.૨૧ ।

ઈકો સેન્સિટીવ ઝોન મુદ્દે શરૂ થયેલો વિવાદ બંધ થવાનું નામ નથી લઈ રહ્યો. ઈકો સેન્સિટીવ ઝોન લાગુ ન થાય તે માટે ખેડૂતો હવે લડી લેવાના મૂડમાં છે. ઈકો સેન્સિટીવ ઝોન વિરુદ્ધ ખેડૂતોનો રોષ ઉગ્ર બની રહ્યો છે. ત્યારે ગીર-સોમનાથના તાલાલા મેન્ગો માર્કેટ ખાતે કિસાન સંઘ દ્વારા ઈકો ઝોનના વિરોધમાં સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગીર-સોમનાથ અને જુનાગઢ જિલ્લાના સરપંચોથી લઈ સાંસદ સુધીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ખુદ ભાજપના જ નેતાઓ તેમાં સામેલ થયા. જિલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્ર પીઠીયા, સાંસદ રાજેશ ચુડાસમા તેમજ પૂર્વ ધારાસભ્ય હર્ષદ રીબડીયાએ પણ હાજરી આપી. ઈકો ઝોનના કાયદા સામે કેવી રીતે લડવું ? કઈ રીતે તેને પાછો ધકેલવો. તે મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. એક જ માંગ છે કે ઈકો સેન્સિટીવ ઝોન નાબૂદ કરાય અને સૌથી પહેલાં ખેડૂતોને સમજાય તેવી ભાષામાં સ્પષ્ટીકરણ થાય. ઈકો સેન્સિટીવ ઝોનને ખેડૂતો ''મોટા માથાઓને બચાવવવા ખેલ'' ગણાવી રહ્યા છે. જ્યાં સિંહની અવરજવર જ નથી તેવા ગામોને ઈકો સેન્સિટીવ ઝોનમાં આવરી લેવાયા છે. અને ગીરનું હૃદય ગણાતા સાસણ કે જ્યાં સિંહની વધારે વસ્તી છે તેને જ બકાત રખાયું છે ! ખેડૂતોનો આક્ષેપ છે કે સરકારે તો જંગલો ક્યારનાય ઉજાડી દીધાં છે અને સિંહો ખેડૂતોના લીધે જ બચ્યા છે અને હવે સરકાર ખેડૂતો ઉપર પણ તવાઈ લાવવા માંગે છે. આ મુદ્દે રાજ્ય સરકારથી લઈ કેન્દ્ર સરકાર સુધી રજૂઆતની તૈયારીઓ કરી લેવાઈ છે. વધુમાં વધુ લોકો મેઈલ કરીને આ રજૂઆત પહોંચાડે તેવાં પણ પ્રયાસો હાથ ધરાયા છે. જો ઈકો ઝોનનો નિર્ણય પાછો ન લેવાયો તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનથી લઈ ચૂંટણીના બહિષ્કારની પણ ચીમકી અપાઈ છે.

# અમૃત સ્ટેશન યોજના હેઠળ દેવાસ જંકશન રેલ્વે સ્ટેશનનું બદલાતું સ્વરૂપ

। અમદાવાદ, તા.૨૧ ।

ભારતીય રેલવે અંતર્ગત અમૃત સ્ટેશન યોજના રેલવે સ્ટેશનોના કાયાકલ્પ માટે વરદાન સાબિત થઈ રહી છે. રતલામ મંડળ ના હાલમાં ૧૯ રેલવે સ્ટેશનો પર અમૃત સ્ટેશન યોજના હેઠળ અપગ્રેડેશનનું કામ કરવામાં આવી રહ્યું છે. આ સ્ટેશનોમાં ૨ ગુજરાતમાં, ૨ રાજસ્થાનમાં અને ૧૫ રેલવે સ્ટેશન મધ્યપ્રદેશમાં આવેલા છે. અમૃત સ્ટેશન યોજના હેઠળ અપગ્રેડેશન માટે દેવાસ જંક્સન રેલવે સ્ટેશન પણ સામેલ છે જ્યાં ઘણા મહત્વપૂર્ણ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. અને અમુક કામ ચાલુ છે.



દેવાસ રેલવે સ્ટેશન પર અંદાજે રૂ.૨૯.૬૭ કરોડના ખર્ચે અપગ્રેડેશનની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. મુસાફરોની સુવિધા અને સ્ટેશન બિલ્ડીંગની સુંદરતા માટે કરવામાં આવેલ કામગીરીના ભાગરૂપે સર્ક્યુલેટિંગ એરિયા,સ્ટેશન બિલ્ડીંગનો રવેશ અને પ્રવેશદ્વાર પર મંડપ બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. રેલવે સ્ટેશન બિલ્ડીંગનો રવેશ આધુનિક સ્ટેશનને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યો છે જેથી સ્ટેશન બિલ્ડિંગની ભવ્યતાને આકર્ષક બનાવી શકાય. આ સાથે, સ્ટેશન પરના વેઈટિંગ રૂમના ઈન્ટિરિયર માં પણ ઘણા ફેરફારો કરવામાં આવ્યા છે જે આધુનિક સ્ટેશનના દ્રશ્યને પ્રતિબિંબિત કરે છે. સૂર્યપ્રકાશ અને વરસાદથી રક્ષણ માટે પ્લેટફોર્મ પર વધારાના પ્લેટફોર્મ કવર શેડનું નિર્માણ, પ્લેટફોર્મ નંબર ૧ ને પહોળો કરવા અને તેની સપાટીમાં સુધારો કરવાની સાથે મુસાફરોને બેસવા માટે વધારાની બેન્ચ અને પાણીના ફુવારા મુસાફરો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

પ્લેટફોર્મ પર નવા ટોયલેટ બ્લોક નું નિર્માણ અને પહેલાથી અસ્તિત્વમાં રહેલા ટોયલેટ બ્લોકને સુધારીને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવ્યો છે. સ્ટેશન પરિસરમાં ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર અને ઓટો માટે અલગ પાર્કિંગ તેમજ સ્ટેશન પરિસરમાં પ્રવેશ અને બહાર નીકળવા માટે અલગ-અલગ માર્ગ નું નિર્માણ કરવામાં આવ્યું છે. ભારતીય રેલવે વિકલાંગોને સુવિધાઓ આપવા માટે કટિબદ્ધ છે, તેથી દેવાસ રેલવે સ્ટેશન પ્લેટફોર્મ પર અલગ શૌચાલય,ઓછી ઉંચાઈવાળા પાણીના ફુવારા, સર્ક્યુલેટિંગ એરિયામાં દિવ્યાંગો માટે અલગ પાર્કિંગ, માર્ગદર્શક ટાઈલ્સ સાથે સ્ટાન્ડર્ડ રેમ્પ ની સુવિધા અને બુકિંગ વિન્ડો,પૂછપરછ અને પ્લેટફોર્મ સુધી પહોંચવા માટે માર્ગદર્શક ટાઈલ્સ લગાવવામાં આવી રહી છે.

દેવાસ જંકશન રેલવે સ્ટેશન પર ઉપલબ્ધ કરવામાં આવી રહેલી મહત્વપૂર્ણ પેસેન્જર સુવિધાઓ માં ૧૨ મીટર પહોળા ફુટ ઓવર બ્રિજનું કામ પણ ખૂબ મહત્વનું છે જેમાં લિફ્ટની સુવિધા પણ ઉપલબ્ધ થશે.આ કામ પણ ચાલુ છે.

દેવાસ રેલવે સ્ટેશન એ રતલામ મંડળ ના ઈન્દોર-ઉજ્જૈન ડબલીંગ રેલવે ખંડ પર સ્થિત એક મહત્વપૂર્ણ સ્ટેશન છે. આ સ્ટેશન તેના બેંક નોટ પ્રેસ માટે સમગ્ર ભારતમાં પ્રખ્યાત છે. દેવાસ સ્ટેશનથી થોડે દૂર સ્થિત ચામુંડા માતાનું મંદિર દેવાસ અને આસપાસના વિસ્તારોના લોકો માટે આસ્થાનું મહત્વનું કેન્દ્ર છે. દેવાસ રેલવે સ્ટેશન નું અપગ્રેડેશન કાર્ય પૂર્ણ થયા બાદ આધુનિક, આકર્ષક અને અપડેટ પેસેન્જર સુવિધાઓ સાથે નવા ભારતના નવા સ્ટેશન તરીકે તેની ઓળખ બનાવશે.

### છેતરપિંડી કરીને ભરૂચનો ભેજાંબાજ થઇ ગયો ફરાર

# વિઝા માટે એફડીના નામે ભરૂચમાં ૧.૨૪ કરોડની ઠગાઈ

। ભરૂચ, તા.૨૧ ।

ભરૂચમાં ભેજાબાજે વિઝા માટે બેન્ક બેલેન્સ અને મુદ્રા લોન માટે એફડીના નામે રૂપિયા ૧.૨૪ કરોડની છેતરપિંડી કરીને ફરાર થઈ જતા ચકચાર મચી ગઈ હતી. આ શાતીર ગઠિયાએ ૧૦ થી વધુ લોકો સાથે ઠગાઈ કરી હોવાનું પણ જાણવા મળ્યું છે. ભરૂચના ઝાડેશ્વર રોડ પર આવેલી રામવાટીકા સોસાયટી ખાતે રહેતા દિપન દલાલ કાર સ્પાની દુકાન ધરાવે છે. તેમને એક કાર શોરૂમનું ગાડીઓને કોટિંગ કરવાનું કામ મળ્યું હોય તેઓ અવારનવાર શોરૂમ પર જતા હતાં. જ્યાં યતિન અરૂણ શાહ (રહે. સરુભી બંગ્લોઝ, પ્રાર્થના વિદ્યાલય પાસે, ભોલાવ) પણ ત્યાં કામ કરતાં કર્મચારીઓને મળવા આવતો હોય તેની સાથે તેમની મિત્રતા થઈ હતી. જાન્યુઆરી ૨૦૨૪માં દિપનને તેમની પુત્રીને યુકે ખાતે મેનેજમેન્ટના અભ્યાસ અર્થે જવાનું હોય વિઝાની પ્રોસેસ કરી હતી. જેના ભાગરૂપે તેમણે તેમની પત્નીના ખાતામાં ૨૨ લાખ રૂપિયા જમા રાખ્યાં હતાં. પરંતુ કોઈ કારણોસર તેમના વિઝા એપ્રુવ થયા ન હતા.આ મુદ્દે વાતોવાતોમાં તેમણે યતિન શાહને જાણ કરતા યતિને તેમને જણાવ્યું હતું કે, મુંબઈ ખાતે યુકે એમ્બેસીમાં તેમની ઓળખીતા જાનકીબેન નોકરી કરે છે. તેને વાત કરશે તો કામ થઈ જશે. જેથી બાદમાં તેણે જણાવ્યું હતું કે, તેમની પત્નીના ખાતામાં ૨૨ લાખ રૂપિયા છે તેનું કોઈ ટ્રાન્ઝેક્શન થતુ ન હોવાને કારણે તેમની પુત્રીની વિઝા પ્રોસેસ અટકી છે. તેમણે તે રૂપિયાનું ટ્રાન્ઝેક્શન બતાવવું પડશે. અને તે પારિવારિક સભ્યોમાં નહીં અન્યના ખાતામાં કરાવવું પડશે. તેણે પોતાના ખાતામાં તે રૂપિયા નાખે તો તે તેમને પરત આપશે તેમ જણાવ્યું હતું.જેથી તેમણે વિશ્વાસમાં આવી યતિનના એકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં બે મહિના બાદ પણ વિઝા નહીં આવતા તેમણે રૂપિયા પરત માંગતા તેણે તે રૂપિયા તેમના નામે એફડી કરી હોવાનું જણાવી તેનો લેટરનો ફોટો મોકલ્યો હતો. બાદમાં તેમની પુત્રીને લોન અપાવવાનું જણાવી થોડા સમય બાદ તેમને આઈસીઆઈસીઆઈ કંપનીનો ૨૪ લાખની લોનનો લેટર આપ્યો હતો. જે લેટર સાથે તેમણે પુત્રીને યુકે એમ્બેસીમાં મોકલતા તે રિજેક્ટ થતાં તેમણે બેંકમાં તપાસ કરતા તે બોગસ હોવાનું માલુમ પડ્યું હતું. જે બાદ પણ તેને રૂપિયા પરત નહીં આપી ઘર છોડી ભાગી ગયો હતો. અરસામાં તેમને માલૂમ પડયું હતું કે, તેમણે અન્ય લોકો સાથે પણ ઠગાઈ કરી હતી. તેમના તમામના રૂપિયા એકત્ર કરતા કુલ ૧.૨૪ કરોડની ઉચાપત કરી તે ફરાર થઈ ગયો હોવાનું જણાતા દિપન દલાલે ભરૂચ સી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.પોલીસે તેઓની ફરિયાદને આધારે તપાસ શરૂ કરી હતી.જાણવા મળ્યા મુજબ યતિન શાહે દિપન દલાલ પાસેથી રૂપિયા ૧૮ લાખ, રાકેશ ભટ્ટના રૂપિયા ૩૦.૭૦ લાખ, ધ્રુવ પટેલના રૂપિયા ૫ લાખ, તેજલ માસ્તર રૂપિયા ૧૧.૬૦ લાખ, સુનિલ પરમાર રૂપિયા ૫.૯૫ લાખ, સંદિપ શ્રીવાસ્તવના રૂપિયા ૩.૫૦ લાખ, સ્નેહલ પટેલના રૂપિયા ૪.૩૦ લાખ, અલ્પેશ શાહના રૂપિયા ૨૪.૩૦ લાખ,રમેશ ત્રિવેદીના રૂપિયા ૧૩.૯૦ લાખ,નરેન્દ્ર પટેલના રૂપિયા ૭.૨૫ લાખ હડપી લીધા હતા.શાતીર ભેજાબાજ યતિન શાહએ લોકોને અલગ અલગ રીતે છેતર્યા હતા. તેણે મુદ્રાલોન માટે એફડી બતાવવા પર્સનલ લોનના બહાને રાકેશ ભટ્ટ, ધ્રુવ પટેલ, તેજલ માસ્તર, સુનિલ પરમાર, સંદિપ શ્રીવાસ્તવ, સ્નેહલ પટેલ સાથે ઠગાઈ કરી હતી.

### દિવાળી પૂર્વે ચોર-લૂંટારુ ગેંગ સક્રિય

# શેલામાં લૂંટારુઓએ મહિલાના ઘરમાં ઘૂસી દાગીના, ગાડીની લૂંટ ચલાવી

## દિવાળીના તહેવારમાં લોકો બહારગામ ફરવા જતા હોય છે, જેને લઇને ચોરી અને લૂંટ જેવી ઘટનાઓ બનતી હોય છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

દિવાળીના તહેવારમાં લોકો બહારગામ ફરવા જતા હોય છે. જેને લઈને ચોરી અને લૂંટ જેવી ઘટનાઓ બનતી હોય છે. દિવાળી દરમિયાન આ પ્રકારની ઘટનાઓ ન બને તે માટે પોલીસ એક્શન પ્લાન બનાવે છે. પરંતુ અમદાવાદ ગ્રામ્યમાં એક્શન પ્લાન ન હોવાના કારણે ચોર લૂંટારુ ગેંગ સક્રિય થઈ છે. દિવાળી પૂર્વે જ શેલામાં વહેલી સવારે લૂંટારુઓ ત્રાટક્યા હતા. એક ઘરના રૂમની બારીની ગ્રીલ તોડીને પાંચ શખ્સો ઘરમાં પ્રવેશ્યા હતા. નીચેના રૂમમાં સૂતેલી મહિલાના રૂમમાં પ્રવેશીને ગળે છરો મૂકીને પહેરેલા દાગીના, કબાટમાં રહેલા દાગીના અને મોબાઈલ ફોનની લૂંટ કરી હતી. ફક્ત એટલું જ નહિ લૂંટારુઓએ જતા-જતા ગાડીની ચાવી લઈને ગાડીની પણ લૂંટ કરી હતી. હાલ આ બનાવને લઈને બોપલ પોલીસે તપાસ શરૂ કરી છે.શેલાના વ્રજ હોમ્સમાં રહેતા જીતાબેન પટેલ ઘરમાં નીચેના બેડરૂમમાં સૂઈ ગયા હતા. તેમના પતિ તથા પુત્ર ઉપરના બેડરૂમમાં સૂઈ ગયા હતા. ૧૯મીએ સવારે ૩:૪૫ વાગ્યે ઘરની બારીની ગ્રીલ તોડી બારીમાંથી સળિયો કાઢીને પાંચ શખ્સો ઘરમાં ઘુસ્યા હતા. અવાજ આવતા જ જીતાબેન જાગી ગયા હતા. આ પાંચેય બુકાનીધારી શખ્સો તેમના રૂમમાં આવ્યા અને હિન્દી ભાષામાં રૂપિયા કહા રખા હૈ તેમ કહીને તેમના ગળા ઉપર છરો મૂકીને તેમના કાનમાં પહેરેલી સોનાની કડી, ગળામાં પહેરેલી સોનાની ચેઈન, પગમાં પહેરેલી ચાંદીની સાંકળ લૂંટી લીધી હતી.

### અંકલેશ્વર જીઆઈડીસીમાંથી ફરીથી ડ્રગ્સ ઝડપાયું

# ૧૦૦ કિલો એમડી ડ્રગ્સ બને તેટલો જથ્થો મળ્યો!

## સુરત અને ભરૂચ પોલીસે સંયુક્ત રીતે આ ઓપરેશન પાર પાડ્યું છે, જેમાં કંપની સંચાલક સહિત ત્રણ આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે

। (એજન્સી) ભરૂચ, તા.૨૧ ।

સુરત અને ભરૂચ પોલીસે સંયુક્ત રીતે આ ઓપરેશન પાર પાડ્યું છે. જેમાં કંપની સંચાલક સહિત ત્રણ આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે.

ભરૂચઃ અત્યાર સુધી ગુજરાતના દરિયાઈ માર્ગે નશાની હેરાફેરી થતું હોવાનું સામે આવતું હતુ પરંતુ હવે તો ગુજરાતમાંથી ડ્રગ્સ બનાવતી ફેક્ટરીઓ પણ ઝડપાઈ રહી છે. ત્યારે હવે અંકલેશ્વરની જીઆઈડીસીમાં આવેલી અવસર એન્ટરપ્રાઈઝમાંથી ૧૪.૧૦ લાખનો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે. જ્યારે અન્ય ૪૨૭ કિલો ડ્રગ્સના જથ્થાને ચકાસણી માટે એફએસએલમાં મોકલવામાં આવ્યો છે. અહીંથી અંદાજે ૧૦૦ કિલો એમડી ડ્રગ્સ બની શકે તેટલો કેમિકલનો જથ્થો કંપનીમાં હોવાના અહેવાલ પણ મળી રહ્યા છે. સુરત અને ભરૂચ પોલીસે સંયુક્ત રીતે આ ઓપરેશન પાર પાડ્યું છે. જેમાં કંપની સંચાલક સહિત ત્રણ આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, અવસર એન્ટરપ્રાઈઝમાંથી ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે. સુરત અને ભરુચ પોલીસે ૧૪.૧૦ લાખનું ૧૪૧ ગ્રામ એમડી ડ્રગ્સ કબજે કર્યુ છે. આ સાથે અન્ય ૪૨૭ કિલો ડ્રગ્સનો જથ્થો ચકાસણી માટે FSLમાં મોકલવામાં આવ્યો છે.

આ કંપનીનો માલિક વિદેશમાં હોવાની જાણકારી મળી રહી છે. જોકે, આ કંપની સંચાલક સહિત ત્રણ આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.


# વડોદરામાં ચોર સમજી ટોળાએ શંકાસ્પદ યુવકોને માર્યો માર

। (એજન્સી) વડોદરા, તા.૨૧ ।

દિવાળીના પર્વ પહેલા વડોદરામાં ચોર લૂંટ ઘટનાઓ વધતા લોકો દેહશતમાં જીવી રહ્યા છે. તો પોલીસ કમિશનર અને તેમની ટીમ વિવિધ વિસ્તારોમાં ફરીને લોકોને અફવાઓથી દૂર રહેવું તેવી વિનંતી કરતા રહ્યા છે. ત્યારે શુક્રવારે મોડી રાત્રે વારસિયા ઝુલેલાલ મંદિર પાસે ત્રણ શંકાસ્પદ યુવકોને ચોર સમજી માર માર્યો, જેના લીધે બંને યુવાનો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા જ્યાં એક યુવાનનું મોત નીપજ્યું. જ્યારે અન્ય એક યુવક સારવાર ચાલી રહી છે તો અન્ય એક યુવાન ટોળામાંથી બચીને ચાલ્યો ગયો હતો. વડોદરા શહેર જિલ્લામાં રાત્રિના સમયે વિવિધ વિસ્તારોમાં રોજબરોજ ચોરીના બનાવો બનતા રહે છે. હવે તો લોકોએ પોતાના ઘરની આજુબાજુમાં પણ સીસીટીવી લગાવી દીધા છે. જેથી અનેક કિસ્સાઓમાં ચોર ટોળકીના સભ્યો કેદ થયા છે. તો બીજીબાજુ વડોદરા શહેર જિલ્લામાં આવા વીડિયો અન્ય જિલ્લાના હોવાનું જણાવી લોકોને અફવાથી દૂર રહેવા અને આવા કોઈ ચોર જણાઈ આવે તો તેઓને મારવા નહીં અને પોલીસને બોલાવીને સોંપી દેવા તેવી સલાહ આપવામાં આવી રહી છે. શુક્રવારે પોલીસ કમિશનર નરસિમ્હા કોમર તેમની ટીમ લઈને ગોરવા અને ચાર દરવાજા (શેર વિસ્તાર)માં લોકોને જાગૃત કરી ચોર ટોળકીની અફવાથી દૂર રહેવા અપીલ કરતાં હતા.

### પશ્ચિમ રેલવે દ્વારા અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ૧૨૪ સ્ટેશનોનો પુનઃવિકાસ

# સુરત સ્ટેશનનો પુનઃવિકાસઃ આધુનિક સુવિધાઓ અને કનેક્ટિવિટી સાથે મલ્ટિ-મોડલ ટ્રાન્સપોર્ટ હબની તરફ વધતા પગલાં



। અમદાવાદ, તા.૨૧ ।

મુસાફરો માટે અત્યાધુનિક સુવિધાઓ અને બહેતર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે પશ્ચિમ રેલવેએ ૧૨૪ રેલવે સ્ટેશનોના પુનર્વિકાસની મહત્વાકાંક્ષી યોજના શરૂ કરી છે. આ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં મુંબઈ સેન્ટ્રલ મંડળના ૩૦, વડોદરામાં ૧૮, રતલામના ૧૯, અમદાવાદના ૨૦, ભાવનગરના ૨૦ અને રાજકોટ મંડળના ૧૭ સ્ટેશનોનો સમાવેશ થાય છે. આ સ્ટેશનોને આધુનિક સુવિધાઓ અને વિશ્વ કક્ષાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે અપગ્રેડ કરવામાં આવશે, મુસાફરો માટે મુસાફરીના અનુભવમાં સુધારો થશે અને રેલ્વે કામગીરી વધુ કાર્યક્ષમ બનશે.

સુરત રેલ્વે સ્ટેશન વિકસિત કરવામાં આવી રહેલા આ પ્રમુખ સ્ટેશનોમાંથી એક છે. સુરત સ્ટેશનને મલ્ટિ-મોડલ ટ્રાન્સપોર્ટ હબ (MMTH) તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે, જે સીમલેસ કનેક્ટિવિટી પૂરી પાડવા માટે રેલવે, GSRTC સિટી બસ ટર્મિનલ સ્ટેશન, મેટ્રો વગેરેને એકીકૃત કરશે. સુરત સ્ટેશનને આર્કિટેક્ચરલ વાતાવરણને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવ્યું છે, જે સુનિશ્ચિત કરે છે કે સમગ્ર સ્ટેશન પરિસરનો એકંદર દેખાવ આંતરરાષ્ટ્રીય ધોરણોના બિઝનેસ સેન્ટર જેવો હોય. યોગ્ય રવેશ, પૂર્ણાહુતિ, રંગ, સામગ્રી, ટેક્સચર દ્વારા એકીકૃત થીમ તેની ભવ્યતામાં વધારો કરશે. ભારતના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાંનું એક અને વેપાર અને વાણિજ્યનું મુખ્ય કેન્દ્ર સુરત રેલ્વે સ્ટેશન પેસેન્જર ટ્રાફિક અને આર્થિક પ્રવૃત્તિઓ માટે એક મહત્વપૂર્ણ હબમાં પરિવર્તિત થશે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જાહેર કરવામાં આવેલ પ્રેસ રિલીઝ મુજબ, સુરત સ્ટેશન રિડેવલપમેન્ટ પ્રોજેક્ટનો કુલ અંદાજિત ખર્ચ ૧,૪૭૭ કરોડ છે, જેમાં ગુજરાત સરકારનો ફાળો અંદાજે ૪૮૧ કરોડ છે, જ્યારે રેલવેનું યોગદાન ૯૯૬ કરોડથી વધુ છે. સુરત ઈન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (SITCO), ભારતીય રેલ્વે અને ગુજરાત સરકારના સહયોગથી રચાયેલ સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV) દ્વારા પુનઃવિકાસ કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટમાં સ્ટેશન બિલ્ડિંગનું વિસ્તરણ, પ્લેટફોર્મ અપગ્રેડેશન, મુસાફરોની સુવિધાઓમાં સુધારો અને સ્ટેશન સંકુલનું બ્યુટિફિકેશન સામેલ છે.

પુનઃવિકાસિત સુરત સ્ટેશનમાં વિશ્વ કક્ષાની મુસાફરોની સુવિધાઓ ઉપલબ્ધ હશે, જેમાં ૧૦,૯૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલ વિશાળ ઓડિટોરિયમ, લાઉન્જ, છૂટક દુકાનો અને સ્કાયવોક સામેલ હશે. ભીડને નિયંત્રિત કરવા માટે પ્લેટફોર્મની ઉપર વધારાની સુવિધાઓ વિકસાવવામાં આવશે. મુસાફરોની સરળ અવરજવર સુનિશ્ચિત કરવા માટે સ્ટેશન પર ૪૧ લિફ્ટ અને ૭૦ એસ્કેલેટર હશે અને તે દિવ્યાંગજન મુસાફરો માટે સંપૂર્ણ રીતે સુલભ હશે. સ્ટેશનને પ્લેટિનમ રેટેડ ગ્રીન બિલ્ડિંગ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે, જે પર્યાવરણીય સંરક્ષણને પ્રોત્સાહન આપશે અને ઊર્જા, પાણી અને અન્ય સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ સુનિશ્ચિત કરશે.

શ્રી વિનીતે વધુમાં જણાવ્યું કે, સુરત સ્ટેશન પર પુનઃવિકાસનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. સ્ટેશન બિલ્ડીંગ વિસ્તારની પૂર્વ બાજુએ, આરપીએફ બેરેક, હોસ્પિટલ અને રનિંગ રૂમનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. ખાસ કરીને તહેવારોની સીઝનમાં ભીડનું વધુ સારું સંચાલન કરવા માટે બિલ્ડિંગની પશ્ચિમ બાજુએ એક નવો પેસેન્જર હોલ્ડિંગ એરિયા પણ બનાવવામાં આવ્યો છે. ઈલેક્ટ્રીકલ ઈન્ટરલોકીંગ (EI) બિલ્ડીંગ પણ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયું છે અને ફીડર લાઈન ખસેડવામાં આવી છે. GSRTC બિલ્ડિંગના નિર્માણમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે, જેમાં ૫૦% થી વધુ કામ પૂર્ણ થઈ ગયું છે. રેલ્વે સ્ટેશનની પૂર્વ બાજુનું કામ પ્રગતિમાં છે, જેમાં રાફ્ટ ફાઉન્ડેશનનું કામ ૧૦૦% પૂર્ણ થયું છે. આ ઉપરાંત રેલવે સ્ટેશનના કોનકોર્સ અને પશ્ચિમ ભાગનું કામ પણ ચાલી રહ્યું છે. ફેઝ-૨માં ૫.૫ કિમી લાંબા એલિવેટેડ રોડ નેટવર્ક પર કામ ચાલુ છે, જેમાં ૨ રોડ ઓવર બ્રિજ (ROBs) હશે. આ એલિવેટેડ રોડ નેટવર્ક પ્રોજેક્ટ હેઠળની તમામ મોટી ઈમારતોને જોડશે, જેના પર આશરે રૂ. ૪૯૭ કરોડનો ખર્ચ થવાની ધારણા છે અને તે આગામી ૨.૫ વર્ષમાં કાર્ય પૂર્ણ થવાની ધારણા છે. પુનઃવિકાસ પછી સુરત રેલ્વે સ્ટેશન એક આધુનિક, પેસેન્જર-કેન્દ્રિત સુવિધા તરીકે ઉભરી આવશે, જે શહેરની ઝડપથી વધતી વસ્તીની જરૂરિયાતોને પૂરી કરશે. આ ફેરફાર સુરતને મુખ્ય પેસેન્જર અને કોમર્શિયલ હબ તરીકે સ્થાપિત કરશે. આ પ્રોજેક્ટ ''નવા ભારતનું નવું સ્ટેશન'' બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂટાનના વડાપ્રધાન શેરિંગ તોબગે સાથે મુલાકાત કરી.

### યોગી સરકાર આ લોકોના અલગથી બનાવશે રેશન કાર્ડ

# કુંભ મેળામાં જનારા લોકોને પણ મળશે મફ્ત રેશન : યોગી સરકાર

### કુંભ મેળામાં આવનારા કલ્પવાસીઓ અને શ્રદ્ધાળુઓને સરકાર રેશન કાર્ડ જારી કરશે જ્યાં રેશન ઉપલબ્ધ કરાવાશે

। (એજન્સી) લખનૌ, તા.૨૧ ।

વર્ષ ૨૦૨૫માં પ્રયાગરાજમાં મહાકુંભનું આયોજન થવાનું છે. મહાકુંભમાં કરોડોની સંખ્યામાં શ્રદ્ધાળુઓના આવવાની સંભાવના છે. યોગી સરકાર મહાકુંભ માટે તૈયારીમાં લાગી ગઈ છે. મહાકુંભમાં ઘણા એવા લોકો આવે છે જે ઘણો સમય ત્યાં રહે છે. જે ત્યાં થતા ભંડારા પર જ નિર્ભર રહે છે. પરંતુ હવે યોગી સરકારના એક નવા નિર્ણય પછી મહાકુંભમાં આવનારા આ પ્રકારના શ્રદ્ધાળુઓ ભૂખ્યા પેટે નહીં સૂવે. જ્યાં કુંભ મેળામાં ભંડારાનું આયોજન થાય છે, ત્યાં હવે સરકાર તરફથી શ્રદ્ધાળુઓને રેશન પણ આપવામાં



આવશે. યોગી સરકાર આ માટે શ્રદ્ધાળુઓને રેશન કાર્ડ જારી કરશે. ચાલો જાણીએ કેવી રીતે શ્રદ્ધાળુઓને સરકાર તરફથી રેશન આપવામાં આવશે. ઉત્તર પ્રદેશ સરકારે વર્ષ ૨૦૨૫માં પ્રયાગરાજમાં યોજાનાર મહાકુંભના આયોજન માટે તેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. જ્યાં કુંભ મેળામાં ઘણી જગ્યાએ ભંડારાનું આયોજન થાય છે, ત્યાં આ વખતે ઉત્તર પ્રદેશ સરકાર શ્રદ્ધાળુઓને મફત રેશનની સુવિધા પણ આપશે. મહાકુંભમાં ઘણા દિવસો સુધી રહેનારા કલ્પ વાસીઓને અને શ્રદ્ધાળુઓને સરકાર તરફથી રેશન કાર્ડ જારી કરવામાં આવશે. જેનો ઉપયોગ કરવા પર તેમને રેશનની સુવિધા આપવામાં આવશે. સરકાર તરફથી ખાદ્ય વિભાગ દ્વારા સમગ્ર મેળા વિસ્તારમાં ૧૬૦ રેશનની દુકાનોની વ્યવસ્થા કરવામાં આવશે. જ્યાં શ્રદ્ધાળુઓને યોગ્ય કિંમતે રેશન ઉપલબ્ધ કરાવવામાં આવશે. મેળા વિસ્તારમાં સરકાર તરફથી જે રેશન દુકાનો સ્થાપિત કરવામાં આવશે, ત્યાં કલ્પવાસીઓને અને શ્રદ્ધાળુઓને રેશન કાર્ડ બતાવવા પર રેશન આપવામાં આવશે.

## CM ચંદ્રાબાબુ બાદ હવે સ્ટાલિને જનસંખ્યા વધારવા પર આપ્યુ જોર

। (એજન્સી) ચેન્નાઈ, તા.૨૧ ।

આંધ્રપ્રદેશના સીએમ ચંદ્રબાબુ નાયડુ બાદ હવે તમિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલિને પણ લોકોને વધુ બાળકો પેદા કરવાની અપીલ કરી છે. સીએમ સ્ટાલિને કહ્યું કે હવે સમય આવી ગયો છે કે નવવિવાહિત યુગલો ૧૬-૧૬ બાળકો પેદા કરે. ચેન્નાઈમાં હિન્દુ ધાર્મિક અને એન્ડૉમેન્ટ બોર્ડ દ્વારા આયોજિત એક કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીએ આ નિવેદન આપ્યું હતું. અહીં મુખ્યમંત્રી એમકે સ્ટાલિનની હાજરીમાં ૩૧ યુગલોએ લગ્ન કર્યા. તેમણે કહ્યું કે કદાચ યુગલો માટે ૧૬ પ્રકારની સંપત્તિને બદલે ૧૬ બાળકોનો સમય આવી ગયો છે. સીએમ એમકે સ્ટાલિને માનવ સંસાધન અને સામાજિક ન્યાયપ્રધાન શેખર બાબુની પ્રશંસા કરી, દાવો કર્યો કે સાચા ભક્તો મંદિરોની જાળવણી અને સંસાધનોને સુવ્યવસ્થિત કરવા માટે ડીએમકે સરકાર દ્વારા કરવામાં આવેલા પ્રયાસોની પ્રશંસા કરે છે. તેમણે કહ્યું કે જે લોકો ભક્તિને માસ્ક તરીકે ઉપયોગ કરે છે તેઓ નારાજ છે અને ડીએમકે સરકારની સફળતાને રોકવા માટે કેસ દાખલ કરી રહ્યા છે. સીએમ એમકે સ્ટાલિને કહ્યું, ‘‘આ કારણે જ કલાઈગનારે ફિલ્મ પરાશક્તિમાં ઘણા સમય પહેલા એક ડાયલૉગ લખ્યો હતો, જેમાં તેણે કહ્યું હતું કે, અમે મંદિરોના વિરોધમાં નથી, પરંતુ મંદિરો ભયંકર માણસોના છાવણી બનવાના વિરોધમાં છીએ.’’ તેમણે કહ્યું કે આપણી વસ્તી ઘટી રહી છે જેની અસર આપણી લોકસભા સીટો પર પણ પડશે, તો શા માટે આપણે દરેક ૧૬ બાળકો પેદા ન કરીએ. તેમણે દાવો કર્યો હતો કે અગાઉના વડીલો નવા પરિણીત યુગલોને ૧૬ પ્રકારની મિલકત મેળવવા માટે આશીર્વાદ આપતા હતા.

## કરવાચોથ પર મહિલા કોન્સ્ટેબલ સાથે હેવાનિયત

। (એજન્સી) લખનૌ, તા.૨૧ ।

કરવાચોથના પર સાસરીયે જઈ રહેલી મહિલા કોન્સ્ટેબલ જ હેવાનિયતનો શિકાર બની ગઈ હતી. ઉત્તર પ્રદેશ મહિલા પોલીસમાં હેડ કોન્સ્ટેબલને નિર્જન વિસ્તારમાં એકલા જોઈને હેવાને તેમની સાથે દુષ્કર્મ આચર્યું. હેવાનિયતની આ ઘટનાને કાનપુરના સેન પશ્ચિમ પારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં અંજામ આપવામાં આવ્યો હતો. અયોધ્યામાં તહેનાત મહિલા પોલીસ હેડ કોન્સ્ટેબલ કડવાચોથનો તહેવાર મનાવવા માટે પોતાના સાસરીયે જઈ રહી હતી. હેવાનિયતની આ ઘટનાને અંજામ આપનાર આરોપી એ જ ગામનો રહેવાસી હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે અને આ મામલે તપાસ હાથ ધરી છે. શનિવારે મહિલા હેડ કોન્સ્ટેબલ અયોધ્યાથી કાનપુરમાં પોતાના ગામ જઈ રહી હતી, તે સાદા યુનિફોર્મમાં હતી. તે પોતાના સાસરે પહોંચે તે પહેલા એક નિર્જન રસ્તા પરથી પસાર થઈ રહી હતી. ત્યારે એક યુવક તેને બળજબરીથી ખેતરમાં ખેંચી ગયો અને તેની સાથે દુષ્કર્મ આચર્યું. કોન્સ્ટેબલે તેનો વિરોધ કર્યો અને આ દરમિયાન તેની આરોપી સાથે હાથાપાઈ પણ થઈ ગઈ હતી. જો કે, મહિલા કોન્સ્ટેબલ પોતાને આરોપીની ચંગુલમાંથી ન બચાવી શકી અને હેવાન તેની સાથે દુષ્કર્મ આચરવામાં સફળ રહ્યો. એસીપી ઘાટમપુર રણજીત કુમારે આ મામલે જણાવ્યું કે, ‘અંધારું હોવાના કારણે આરોપી હેડ કોન્સ્ટેબલને ખેતરમાં ખેંચી લઈ ગયો અને તેની સાથે દુષ્કર્મ આચર્યું. અને તેના કપડાં ફાડી નાખ્યા. આરોપી બાજુના ગામનો જ હતો તેનું નામ ધર્મેન્દ્ર ઉર્ફે કલ્લુ છે. પોલીસે તેની ધરપકડ કરી છે અને તેને જેલ હવાલે કરી દેવામાં આવ્યો છે.’ પીડિત હેડ કોન્સ્ટેબલે પોલીસને જણાવ્યું કે, ‘જ્યારે આરોપીએ મને ખેતરમાં ખેંચવાનો પ્રયાસ કર્યો ત્યારે તેની ખૂબ મારપીટ થઈ.’

### રિયાલિટી શો બિગ બોસ ૧૮નો એક વીડિયો વાયરલ

# બિશ્નોઈની ધમકીઓ વચ્ચે પહેલીવાર સલમાને તોડી ચુપ્પી

### એક વીડિયો વાયરલ થયો હતો જેમાં તેણે કહ્યું હતું કે તે આ દિવસોમાં જીવનના કેવા દોરમાંથી પસાર થઈ રહ્યો છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૧ ।

NCP નેતા બાબા સિદ્દીકીની હત્યા બાદ સલમાન ખાનની સુરક્ષા વધારી દેવામાં આવી છે. તે કડક સુરક્ષા વચ્ચે રિયાલિટી શો ‘બિગ બોસ ૧૮’ માટે શૂટિંગ કરી રહ્યો છે. સલમાન ખાનને ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની ગેંગ તરફથી સતત ધમકીઓ મળી રહી છે. હવે સલમાન ખાને આ મામલે પહેલીવાર ચુપ્પી તોડી છે. ‘બિગ બોસ ૧૮’માંથી તેનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તેણે કહ્યું કે, હાલમાં તે કયા દોરથી પસાર થઈ રહ્યો છે. ‘વીકએન્ડ કા વાર’ એપિસોડની એક ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે, જેમાં સલમાન ખાન પહેલીવાર કહેતા દેખાય છે કે, અત્યારે તેના જીવનમાં શું ચાલી રહ્યું



છે. સલમાન ખાને શનિવારે ‘વીકેન્ડ કા વાર’ એપિસોડ દરમિયાન બહાર નીકળતા પહેલા ગુસ્સામાં કહ્યું, ‘યાર, કસમ ખુદાની, હું મારા જીવનમાં કયા દોરથી પસાર થઈ રહ્યો છું અને મારે અહીં આવીને આ હેન્ડલ કરવું પડે છે.’ શિલ્પા શિરોડકર સાથે વાતચીત કરતા તેણે કહ્યું કે, ‘આજની મારી ફીલિંગ છે કે મારે અહીં આવવું જ જોઈતું ન હતું, પરંતુ એક કમિટમેન્ટ છે. તેથી હું અહીં આવ્યો છું.’ હાલમાં જ ઈન્ડિયા ટૂડેએ એક સોર્સને ટાંકીને કહ્યું હતું કે, સલમાન ખાન તેના નજીકના મિત્ર અને NCP નેતા બાબા સિદ્દીકીના નિધન બાદ ખૂબ જ દુઃખી અને પીડામાં છે. મહત્ત્વનું છે કે ૧૨ ઓક્ટોબરે મુંબઈમાં બાબા સિદ્દીકીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. સલમાન ખાને ૧૮ ઓક્ટોબરે સાંજે ૭ વાગ્યાની આસપાસ ‘બિગ બોસ ૧૮’ માટે શૂટિંગ કર્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યારે સલમાન ખાન એપિસોડનું શૂટિંગ કરી રહ્યો હતો ત્યારે સેટ પર ૬૦થી વધુ સુરક્ષાકર્મીઓ હાજર હતા અને તેમની સુરક્ષા માટે કડક વ્યવસ્થા કરવામાં આવી હતી. આધાર કાર્ડની ચકાસણી કર્યા વિના કોઈ બહારના વ્યક્તિને એન્ટ્રીની મંજૂરી આપવામાં આવી ન હતી.

### ભાજપમાં ભાગમભાગ!

## ઉમેદવારોની યાદી જાહેર થતાં જ અનેક નેતાઓના પાર્ટીને રામ રામ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ભાજપે ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટે પહેલી યાદી જાહેર કરી હતી. પાર્ટીએ અત્યાર સુધીમાં ૬૬ ઉમેદવારોની પહેલી જમ્બો યાદી બહાર પાડી હતી. જો કે, આ યાદી બહાર આવતા જ ભાજપમાં ભાગમભાગ મચી ગઈ હતી. એક પછી એક જૂના કાર્યકરો પાર્ટી છોડવા લાગ્યા છે. સરાયકેલા વિધાનસભા પરથી અગાઉના ભાજપના ઉમેદવાર ગણેશ મહાલીએ પાર્ટીને અલવિદા કહી દીધું છે. આ વખતે તે જેએમએમની ટિકિટ પર ચૂંટણી લડી શકે છે. પાર્ટી છોડ્યા બાદ તેમણે કહ્યું કે, ‘હવે ભાજપ પહેલા જેવી નથી રહી.’ ચંપાઈ સોરેન પર પ્રહાર કરતા ગણેશ મહાલી કહ્યું કે ‘ચંપાઈ સોરેને દિલ્હી જઈને અમારા માર્ગમાં અવરોધ ઊભો કર્યો છે. આગામી દિવસોમાં તેના પરિણામો ચોક્કસપણે જોવા મળશે.’ ગણેશ મહાલી ઉપરાંત પોટકા વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય મેનકા સરદારે પણ ભાજપના તમામ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. પૂર્વ પોટકાના ધારાસભ્ય મેનકા સરદારે ભાજપના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દીધું હતું. વર્ષ ૨૦૧૯માં તે JMMના સંજીવ સરદાર સામે ચૂંટણી હારી ગઈ હતી. આ પહેલા જમુઆના વર્તમાન ધારાસભ્ય કેદાર હઝરા પણ થોડા દિવસો પહેલા જ ભાજપ છોડીને જેએમએમમાં જોડાયા હતા.

### પ્રસિદ્ધ શાયર ફહમી બદાયૂંનીનું ૭૨ વર્ષે નિધન

## ફહમી બદાયૂંનીના નિધનથી સાહિત્ય જગતમાં શોકનો માહોલ છવાઈ ગયો

। (એજન્સી) લખનૌ, તા.૨૧ ।

પ્રસિદ્ધ શાયર ફહમી બદાયૂંનીનું રવિવારે નિધન થઈ ગયુ. તેઓ ૭૨ વર્ષના હતા અને લાંબા સમયથી બિમારી સામે ઝઝૂમી રહ્યા હતા. તેમનો જન્મ ૪ જાન્યુઆરી ૧૯૫૨એ ઉત્તર પ્રદેશના બદાયૂંમાં થયો હતો. તેમણે સાહિત્ય જગતમાં ખૂબ નામ કમાયુ હતુ. ફહમી બદાયૂંનીના નિધનથી સાહિત્ય જગતમાં શોકનો માહોલ બની ગયો છે. ફહમીના મોત બાદ સાહિત્યનો એક સુંદર અધ્યાય સમાપ્ત થઈ ગયો જે તેમના ચાહકો માટે ખૂબ દુઃખદ છે. ઉર્દૂ અદબના જાણીતા શાયર ફહમી બદાયૂંનીએ શાયરીની દુનિયામાં એક ખાસ ઓળખ બનાવી હતી. પ્રસિદ્ધ શાયર ફહમી બદાયૂંનીના ૨૧ ઓક્ટોબર, સોમવારે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. યુપીના બદાયૂંમાં જન્મેલા ફહમી સાહેબનો વિજ્ઞાન અને ગણિતમાં ખૂબ રસ



હતો. તેઓ સાહિત્ય જગતમાં પોતાની ઊંડી વાતો અને મનને સ્પર્શી લેનારી શેર-શાયરી માટે ફેમસ હતા. તેમના નિધન પર કોંગ્રેસ નેતા ઈમરાન પ્રતાપગઢીએ એક્સ પર દુઃખ વ્યક્ત કરતાં લખ્યું, અલવિદા ફહમી બદાયૂંની સાહેબ, તમારું જવું ઉર્દુ અદબનું મોટું નુકસાન છે. ફહમી બદાયૂંનીની શાયરી યુવાન અને વૃદ્ધ બંને પેઢીઓને ખૂબ પસંદ છે. એટલું જ નહીં સોશિયલ મીડિયા પર પણ તેમની શાયરી વાયરલ થતી રહે છે. તેમના ઘણા શેર આજે પણ લોકોની વચ્ચે ચર્ચામાં છે.

### NCERTએ નવી વેબસાઈટ લોન્ચ કરી

## વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓમાં પોર્ટલ મદદ કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) એ એન્જિનિયરિંગ (JEE) અને મેડિકલ (NEET) અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓને મદદ કરવા માટે ‘સાથી પોર્ટલ ૨૦૨૪’ નામની વેબસાઈટ શરૂ કરી છે. તે એક મફત સ્વ-મૂલ્યાંકન સાધન છે જે વિદ્યાર્થીઓને હિન્દી, અંગ્રેજી અને અન્ય પ્રાદેશિક ભાષાઓમાં અભ્યાસ સામગ્રી પ્રદાન કરે છે. આ મફત સુવિધાનો લાભ લેવા માટે વિદ્યાર્થીઓએ સાથી પોર્ટલ sathee.prutor.ai ની ઓફિશિયલ વેબસાઈટની મુલાકાત લેવી પડશે અને ત્યાં પોતાનું રજીસ્ટ્રેશન કરાવવું પડશે. સાથી પોર્ટલ એક સંપૂર્ણ ઓનલાઈન પ્લેટફોર્મ છે. જેનો ઉપયોગ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે કરવામાં આવશે, જ્યાં વિદ્યાર્થીઓને શીખવાની સામગ્રી, વીડિયો લેક્ચર્સ, મોક એક્ઝામ અને નિષ્ણાત કોચિંગની મફત ઍક્સેસ મળી શકે છે. તે વિવિધ પૃષ્ઠભૂમિના બાળકોને વિવિધ સેવાઓ આપે છે અને વિદ્યાર્થીઓને મફત શિક્ષણ આપવામાં મદદ કરે છે. નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP 2020) ના નિયમો અનુસાર દરેકને શિક્ષણમાં વાજબી પ્રવેશ મળવો જોઈએ. જેમાં મફત કોચિંગ પણ સામેલ છે. સરકારને આશા છે કે ‘સાથી’ પોર્ટલ દ્વારા નિઃશુલ્ક અભ્યાસ સામગ્રી પ્રદાન કરીને શિક્ષણના અંતરને પૂરવામાં આવશે અને સમગ્ર દેશમાં બાળકો માટે સમાન શૈક્ષણિક તકોને પ્રોત્સાહન આપવામાં આવશે. મીડિયા અહેવાલો અનુસાર આ મફત સુવિધાનો લાભ લેવા માટે ૪.૩૭ લાખથી વધુ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે. સૌ પ્રથમ, NCERT સાથી પોર્ટલની ઓફિશિયલ વેબસાઈટ sathee.prutor.ai પર જાઓ. તમારું નામ, ઈમેઈલ સરનામું અને અગાઉના શૈક્ષણિક રેકોર્ડ્સ દાખલ કરીને એકાઉન્ટ માટે નોંધણી કરો. પછી સ્પર્ધાત્મક પરીક્ષા પસંદ કરો. જેમ કે JEE, NEET અથવા SSC, જેના માટે તમે તૈયારી કરો છો. રજીસ્ટ્રેશન પછી તમે લાઈવ સત્રોમાં હાજરી આપી શકો છો. સ્વ-મૂલ્યાંકન સાધનોનો ઉપયોગ કરી શકો છો અને વીડિયો લેક્ચર્સ જોઈ અને સાંભળી શકો છો. NCERT ‘SAATHI’ પોર્ટલ પર નોંધણી કર્યા પછી વિદ્યાર્થીઓ એન્જિનિયરિંગ, મેડિકલ અથવા SSCની તૈયારીનો વિકલ્પ પસંદ કરી શકે છે. તે પછી તેઓને NCERT અભ્યાસક્રમ પર આધારિત લાઈવ ક્લાસ, ટ્યુશન, પુસ્તકો અને વીડિયો સોલ્યુશન્સ મળશે.



નવી દિલ્હીમાં નેશનલ પોલીસ મેમોરિયલ ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ‘પોલીસ સ્મૃતિ દિવસ’ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

## પતિએ માન સન્માન ન આપ્યું તો પત્નીએ ઈન્સ્ટાગ્રામ પર નવો પતિ શોધી લીધો

। (એજન્સી) ચૂરુ, તા.૨૧ ।

રાજસ્થાનની રાજધાની જયપુરના કાલવાડની ૨૫ વર્ષની મહિલાને જ્યારે તેના પતિ તરફથી પ્રેમ અને સન્માન ન મળ્યું તો તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર બીજો સાથી શોધી લીધો. બાદમાં તેની સાથે લિવ ઈન રિલેશનશિપમાં રહેવા જતી રહી. પતિને જ્યારે આ વાતની જાણ થઈ તો તેના પગ તળેથી જમીન સરકી ગઈ. તેણે તેની પત્ની અને તેના પ્રેમીને ધમકીઓ આપવાનું શરૂ કરી દીધું. તેની સાથે જ બધા જ દુશ્મન બની ગયા. આ બધાથી કંટાળીને આખરે મહિલા ચૂરુ પોલીસ સ્ટેશને આવી અને સુરક્ષાની માગ કરી હતી. સરોજ સૈનીએ જણાવ્યું કે, તે જયપુરના કાલવાડની રહેવાસી છે. લગભગ અઢી વર્ષ પહેલાં તેના લગ્ન કુચામન નજીક આવેલા એક ગામના વ્યક્તિ થયા હતા. તેનો પતિ ઘરેલુ વાતોને લઈને તેની સાથે મારપીટ કરતો હતો. તે કાયમ મને મારતો હતો કે તેની સાથે લગ્ન કરીને તેની લાઈફ ખરાબ થઈ ગઈ. આ અઢી વર્ષમાં તેમને કોઈ સંતાન પણ થયું નહીં. તેનો પતિ ફર્નિચરનું કામ કરે છે. સરોજે જણાવ્યું કે પતિ સાથે વિવાદની વચ્ચે લગભગ ૬ મહિના પહેલાં ઈન્સ્ટાગ્રામ પર તેની ઓળખાણ રાજલદેસરના ૩૦ વર્ષના રાજકુમાર મેઘવાળ સાથે થઈ.

## તંત્રી લેખ...

# ચક્રવાતી તૂફાન દાના સક્રિય બન્યું છે

ચોમાસાની વિદાયના સમયે, દક્ષિણ ભારતમાં ફરી એકવાર ચક્રવાતી તોફાનનો ખતરો તોળાઈ રહ્યો છે. દક્ષિણ પશ્ચિમ ચોમાસું ચાલ્યું ગયું છે અને ઉત્તર પૂર્વ ચોમાસું સક્રિય થઈ ગયું છે. IMDએ અપડેટ આપતા જણાવ્યું છે કે બંગાળની ખાડી અને આંદામાન સમુદ્રમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સાથે લો પ્રેશર એરિયા બનતાં ચક્રવાતી તૂફાન દાના સક્રિય બન્યું છે. અને આ વાવાઝોડું ૨૩-૨૪ ઓક્ટોબરે દક્ષિણ ભારતના દરિયાકાંઠે ટકરાઈ શકે છે. વાવાઝોડાની સંભાવનાને જોતા IMDએ દક્ષિણ ભારતના ૪ રાજ્યોમાં એલર્ટ જાહેર કર્યું છે. તમને જણાવી દઈએ કે ૧૦૦ થી ૧૨૦ કિલોમીટરની ઝડપે તોફાની પવન ફૂંકાવાની સંભાવના છે. ભારે વરસાદની પણ સંભાવના છે. હવામાન વિભાગની ચેતવણીને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકારે લોકોને ઘરની અંદર રહેવાની સલાહ આપી છે અને શાળા-કોલેજો બંધ કરી શકાય છે અને નોકરિયાતોને ઘરેથી કામ કરવાનો આદેશ પણ આપી શકાય છે. હવામાન વિભાગ (IMD) એ તામિલનાડુ, આંધ્રપ્રદેશ, પુડુચેરી, કર્ણાટકમાં ૨૬ ઓક્ટોબરે ભારે વરસાદની ચેતવણી આપી છે. આ ૪ રાજ્યોના હવામાનની અસર ગોવા, મહારાષ્ટ્ર, છત્તીસગઢમાં પણ જોવા મળશે. જ્યાં હળવોથી મધ્યમ વરસાદ પડશે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ માછીમારોને સલામત રહેવાની સલાહ આપતા ૨૧ થી ૨૬ ઓક્ટોબર સુધી દરિયામાં જવા પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કર્યો છે. મંગળવારથી બંગાળના ઘણા જિલ્લાઓમાં વરસાદ શરૂ થવાની સંભાવના છે, જે શનિવાર સુધી ચાલુ રહી શકે છે. માછીમારોને દરિયામાં જવાની મનાઈ ફરમાવવામાં આવી છે. પૂર્વ મેદિનીપુર અને દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં સૌથી વધુ વરસાદ થવાની સંભાવના છે. રાજ્યના મુખ્ય સચિવ મનોજ પંતે અસરગ્રસ્ત જિલ્લાઓના અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી છે. આ ચક્રવાતને જોતા ઓડિશા સરકારે તમામ કર્મચારીઓની રજાઓ રદ કરી દીધી છે.

## મુખ્યમંત્રીના વરદ હસ્તે નવસારીના ખારેલ ખાતે એ. એમ. નાયક રૂરલ સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટરનો શિલાન્યાસ કરવામાં આવ્યો



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ખારેલ ગામે, એ.એમ. નાયક રૂરલ સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટરનો શિલાન્યાસ તથા અનિલ નાયક ટેકનિકલ ટ્રેનિંગ સેન્ટરનો ઉદઘાટન સમારોહ યોજાયો હતો. અધ્યક્ષસ્થાનેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, દૂરંદેશી વડ-પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને સ્કિલ કેપિટલ-કૌશલ્ય હબ બનાવવાનું સ્વપ્ન સેવ્યું છે. આ દિશામાં દક્ષિણ ગુજરાતના યુવાનોને આગળ વધારવામાં આ સંસ્થા નિર્ણાયક ભૂમિકા ભજવશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી શ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી આપણી યુવાશક્તિ આર્ટિફિશિય ઈન્ટેલિજન્સ, બ્લોક ચેઈન, મશીન લર્નિંગ જેવી વૈશ્વિક ટેકનોલોજીમાં પાછળ ન રહી જાય તેની તકેદારી રાખી રહ્યા છે. રાજ્યના યુવાનો રોજગાર વાંચ્છુ નહિ, પરંતુ રોજગાર દાતા તરીકે વિકાસ પામે તેવો ગુજરાત સરકારનો ધ્યેય છે એમ સ્પષ્ટપણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, યુવા પેઢી ટેકનોલોજી અને અધ્યતન સુવિધાઓ સાથે ઉચ્ચ શિક્ષણ મેળવે તે માટે ગુજરાતમાં સ્કીલ ડેવલેપમેન્ટ યુનિવર્સીટી કાર્યરત કરી છે. આ યુનિવર્સીટીમાં વોકેશનલ તાલી મ ઉપરાંત ડ્રોન, એ.આઈ. સહિત અધ્યતન ટેકનોલોજીના વિવિધ કોર્સનો સમાવેશ કરાયો છે. એટલું જ નહિ, સરકારે ૫૫૮ જેટલી આઈ.ટી.આઈ.માં ૫૪ જેટલા નવા કોર્ષ શરૂ કરાવીને અનેક યુવાનોને કાર્યકુશળ બનાવ્યા છે. આવા વિવિધ કોર્સમાં તાલીમ મેળવીને રાજ્યના લાખો યુવાનોએ રોજગારી મેળવી છે. મુખ્યમંત્રીશ્રીએ વ્યવસાયિક પ્રશિક્ષણ કેન્દ્ર અનિલ નાયક ટેકનિકલ ટ્રેનિંગ સેન્ટરના તેના પ્રયાસોના ઉલ્લેખમાં કહ્યું કે, આ પ્રશિક્ષણ કેન્દ્રએ શાળા છોડી દેનારા મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનાવ્યા છે. અનેક સમુદાયોના દિકરા-દિકરીઓના વિકાસમાં ભાગીદાર બનવા માટે સમગ્ર ઈન્સ્ટીટ્યુટને તેમણે અભિનંદન પાઠવ્યા હતા. નાયક ચેરિટેબલ ટ્રસ્ટ અને નિરાલી મેમોરિયલ મેડિકલ ટ્રસ્ટના ચેરમેન અને પદ્મવિભૂષણ શ્રી એ.એમ.નાયકે પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે, ગરીબોની સેવા કરી તેઓને વિકાસની ધારામાં લાવવું મારા દાદા અને પિતાનું સ્વપ્ન હતું. જેઓના સંસ્કારના કારણે આજે આ કાર્યોને હું આગળ વધાવી રહ્યો છું. આ ઈન્સ્ટિટ્યુટની સ્થાપનાથી વંચિત ગરીબોને રહેવાની વ્યવસ્થા સાથે ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ મળે છે. અમારી તમામ ઈન્સ્ટિટ્યુટમાં ઉચ્ચ કોટિની સુવિધાઓ આપવામાં આવે છે. અમારી સાથે ૪૦ જેટલી સંસ્થાઓ જોડાયેલી છે. વધુમાં શ્રી એ.એમ.નાયકે ભવિષ્યમાં પોતાના સેન્ટરમાં આયોજનમાં લેવામાં આવનાર નવા પ્રકલ્પો વિશે પણ મુખ્યમંત્રીશ્રી સહિત સર્વને અવગત કર્યા હતા. તેમણે વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતના સ્વપ્ન પુરૂ કરવા ઈન્સ્ટ્રક્ટર, ટીચર, અને ઈન્ફ્રાસ્ટ-ક્ચર જેવા તમામ પાસાંઓ ઉચ્ચ ગુણવત્તાના હોવા જરૂરી છે એમ પણ જણાવ્યુ હતું. કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુભાવોના હસ્તે એ.એમ. નાયક રૂરલ સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટરનો શિલાન્યાસ તથા અનિલ નાયક ટેકનિકલ સેન્ટરની તકતી અનાવરણ કરી ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મહાનુભાવોએ ઈન્સ્ટિટ્યુટના પટાંગણમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ જતનનો સંદેશો પાઠવ્યો હતો. કાર્યક્રમમાં નાયક ચેરિટેબલ ટ્રસ્ટ અને નિરાલી મેમોરિયલ મેડિકલ ટ્રસ્ટના ટ્રસ્ટી રૂચા નાણાવટીએ સ્વાગત પ્રવચન તેમજ જિગ્નેશ નાયકે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધનંજય પટેલ

બ્રહ્માંડનાં રહસ્યોનો ઉકેલ ભારતના આધ્યાત્મ સિવાય કોઈ પાસે નથી, કારણ કે એક પોઈન્ટ પર આવીને વિજ્ઞાન પણ અટકી જાય છે

# દીપક વીજળી અને મણી એમ ત્રણ પ્રકાશ કારક શક્તિથી ગુરુ તત્વને ત્રણ રીતે અનુભવી શકાય



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**જ્ઞાન સાધના, યોગ સાધના, કે પછી ભક્તિ યોગ દ્વારા કંઈક ગેબ ગેબીનાં રહસ્યને સમજી શકાય છે! પણ ભારતીય અધ્યાત્મમાં હુકમના એક્કા જેમ જેની પાસે આ માર્ગે આંગળી ચીંધનાર કે આંગળી ઝાલીને લઈ જનાર ગુરુ તત્વ હોય એ બહુ ઝડપથી આ મુકામ સુધી પહોંચે છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. વિશ્વભરમાંથી અત્યારે ગુગલને સૌથી વધુ પ્રશ્ન થયો હશે કે આ કાકીડી શું છે? કાકીડી એ તલગાજરડા પાસે આવેલું અંદાજે ૧૬૫ પરિવાર ધરાવતું નાનકડું એવું ગામ છે, અને ત્યાં આગળ અત્યારે પૂજ્ય બાપુની માનસ પિતામહની કથા ચાલે છે. આ ગામ સાથે પૂજ્ય બાપુના દાદા કે જે એનાં સદગુરુ ભગવાન છે, એવાં ત્રિભોવન દાદાજી એ મહાભારતની કથાઓ કરી છે! એ પરમ ચેતનાની દિવ્ય સ્મૃતિઓ વાગોળવાનો અવસર માણવા હું પણ અહીં થોડા દિવસ આવી છું. પૂજ્ય બાપુ તો એ પરમ પ્રવાહમાં નિતનવુ ચિંતન કરી રહ્યા છે પણ આપણે પણ આજે એ અંતર્ગત પૂજ્ય બાપુ અને સદગુરુ કૃપાથી કંઈક નવું ચિંતન કરીશું. બ્રહ્માંડનાં રહસ્યોનો ઉકેલ ભારતના આધ્યાત્મ સિવાય કોઈ પાસે નથી, કારણ કે એક પોઈન્ટ પર આવીને વિજ્ઞાન પણ અટકી જાય છે. ટૂંકમાં નેતિ નેતિનો પાર એમ આવે એમ નથી. જ્ઞાન સાધના, યોગ સાધના, કે પછી ભક્તિ યોગ દ્વારા કંઈક ગેબ ગેબીનાં રહસ્યને સમજી શકાય છે! પણ ભારતીય અધ્યાત્મમાં હુકમના એક્કા જેમ જેની પાસે આ માર્ગે આંગળી ચીંધનાર કે આંગળી ઝાલીને લઈ જનાર ગુરુ તત્વ હોય એ બહુ ઝડપથી આ મુકામ સુધી પહોંચે છે.પણ દરેકને ગુરુ તત્વની અસીમતા અનૂભૂતિ ન્હોય તો કેમ નક્કી કરી શકાય! આ એક સદીઓથી યક્ષ પ્રશ્ન બની રહ્યો છે. પૂજ્ય બાપુ કથાઓમાં વારંવાર ગુરુ વિશે કહેતા હોય છે અને આ વખતે પણ કહ્યું કે ગુરુ તત્વને ત્રણ રીતે અનુભવી શકાય છે. (૧) દીપક (૨) વીજળી જેમ (૩) મણિ. બાપુએ તો કથામાં ટૂંકમાં કહ્યું પણ આપણે આજે પ્રકાશની ત્રણ મહત્તા પર ચિંતન કરીશું. દીપક એક પ્રકાશ કારક શબ્દ છે અને દીપક શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો ઘી કે તેલની વાટને પ્રજ્વલિત કરતાં મળતું સીમિત અજવાળું એવો થઈ શકે. આપણા સૌનો અનુભવ છે કે જો અજવાળું વધારવું હોય તો વાટને મોટી બનાવી પડે. પરંતુ જો અજવાળું લાંબા સમય સુધી ટકી રહે, એ રીતે દીપક પ્રગટાવવો હોય તો, તેની વાટને આપણે બહુ ઊંચી રાખતા નથી. એમ કરવાથી જ્યોતિ પણ માપસરની રહે છે, અને હવાથી બુઝાઈ જવાનો ડર પણ રહેતો નથી.આ ઉપરાંત વિજ્ઞાન ભણતા એ યાદ કરીએ તો, કેશાકર્ષણના સિદ્ધાંત મુજબ પણ આ કાર્ય શક્ય બને છે. એટલે ગુરુ એક એવો દિપક છે જે તમને સીમિત પણ નિશ્ચિત પ્રકાશ આપે અને આપણા જીવન માર્ગને અજવાળે છે, તત્વતઃ ગુરુ નામનો દિપક આપણાં ભરોસાના ઈંધણથી ચાલે છે. વીજળી, આ પણ પ્રકાશ કારક શબ્દ છે અને આપણે સૌ જાણીએ છીએ કે વીજળીનો પ્રકાશ બહુ લાંબો સમય રહેતો નથી! ઉપરથી આકાશમાં વીજળી થાય ! એટલે આ પ્રકાશ માટે એકદમ એલર્ટ રહેવું પડે, ગંગાસતી કહે છે એમ વીજળીને ચમકારે મોતીડાં પરોવી લ્યો પાનબાઈ! એમ વીજળી નામનું ગુરુ તત્વ અવકાશી ગ્રહ જેમ સાધકના અસ્તિત્વ આસપાસ ઘુમતુ હોય અને સાધક અને સાધ્ય બંનેની તીવ્રતા મુજબ એને અનુભવી શકાય! અથવા એની પાસેથી અજવાળું પ્રાપ્ત કરીને જીંદગી ઉજાળી શકાય, જે પ્રકાશ સ્મૃતિમાં અકબંધ રાખીને જીવનમાં આવતી સમસ્યાનો ઉકેલ મેળવી શકાય છે. જે કદાચ ઓછા સમય માટે ભલે મળે પણ સંસારીના મોહમાયા કે જન્મ મૃત્યુનાં ભવોભવના બંધન છોડાવી શકે છે. મણી એટલે કે હીરો ! અને જે કેરેટ પ્રમાણે હોય! આ ઉપરાંત મણી એ એક કિંમતી પદાર્થ તરીકે પણ ઓળખાય છે. દીપકનું અજવાળું થોડું ઉષ્ણ હોય, નજીક જવાથી દાઝવાનો ભય રહે, વીજળી પણ ક્યારેક ઘાતક સાબિત થાય, પણ મણીનો પ્રકાશ દિવ્યતા પ્રદાન કરે છે, પોતે અદભુત એશ્વર્ય ધરાવતો હોવાથી એને જોવાથી રાહત મળે છે, કે એના દર્શન એક ટાઢક આપે છે, તુલસી કહે એમ શીતલ સંતા! આપણે એને ધારણ કરીએ તો એ આપણું રૂપ અને સ્વરૂપ બંનેની ગરિમા વધારે છે! આપણી આસપાસ એક કાંતિ ચક્ર આંદોલિત થાય છે, બસ એ જ રીતે ગુરુ તત્વ આપણી સાધનાની પરાકાષ્ઠાએ આ દિવ્ય અનુભૂતિ પ્રદાન કરે છે, જેના દર્શનથી આપણા પાપકર્મનો ક્ષય થાય છે અને સત્કર્મમાં રુચિ ઉદભવે છે! અસ્તિત્વ જાણે મંગલ શરણાઈ વગાડતુ હોય એમ શુભનો સંચાર થાય છે! જીવન મુલ્યો બદલાઈ જાય છે, એક સકારાત્મક ઊર્જા મળે છે. સમસ્યા નામના સમીકરણો ઉકેલાઈ જાય અથવા સમાધાનનો વિકલ્પ પસંદ કરી લે છે. આ વાત થઈ સીધાસાદા ગુરુ તત્વની અનુભૂતિ માટે, પણ સદગુરુ તો સાધક માટે સર્વોત્તમ સુવિધાનું બીજું નામ છે! કે જે વર્તમાન અને આવનારા સમયને તો સુધારે જ છે પણ ભૂતકાળનાં ડંખને પોતાના પર લઈને ભૂંસી નાંખે છે! સદગુરુ એ સાધક માટે એની જરૂરિયાત મુજબ દીપક બને, વીજળી બનીને પણ ચમકે અને મણી બની એનાં જીવનમાં ઐશ્વર્ય કારક પ્રકાશનું સિંચન કરે. એટલે કે સાધકને અજવાળું મળી રહે એ માટે દીપક જેમ બળતો રહે. એનું સકલ અસ્તિત્વ સાધક આસપાસ મંડરાતુ રહે અને એમ લાગે કે હવે એક ચમકારો પર્યાપ્ત છે! એટલે વીજળી બનીને એનાં ચિત્તાકાશમાં ચમકે. પોતે ચીંધેલા માર્ગ પર ચાલીને કરેલા જીવન કાર્ય ને પ્રોત્સાહિત કરવા મણી બનીને ઐશ્વર્ય પ્રદાન કરી દિવ્યતા થી જીવન ભરી દે છે. ખુદનાં જાગરણ વિના આ માર્ગ પર સફર શક્ય નથી એવી એક સમજ એ આપણને આપે છે. જન જાગરણ આમ જ થાય છે! બાકી તો જીંદગીભર બધાં બ્રહ્મને નામે ભ્રમ માં ઉલજતા જઈએ છીએ! ટૂંકમાં સદગુરુ કોને કહીશું? સદગુરુ એટલે સાધકને આંગળી પકડી અને બ્રહ્મ વિશેના તમામ ભ્રમમાંથી મુક્ત કરે, તે જ સાચો સદગુરુ,અને અહમ્ બ્રહ્માસ્મિ સુધીની સફર કરાવે. પરંતુ ખતરો હંમેશા શિષ્ય કે સાધક તરફથી જ હોય છે. થોડું ઘણું જ્ઞાન આવે અને પોતાનું છે, એમ સમજી રાચવા માંડે, તો એ સાચા બ્રહ્મને પામી શકતો નથી, અને બ્રહ્મના ભ્રમમાં અટવાતો રહી જાય છે. સદગુરુ એક બીજું કાર્ય પણ કરે છે, સાધકને બ્રહ્મ વિશે સ્પષ્ટ અંગુલિનિર્દેશ કરે છે, પણ એ સાધક હજી ભોગી છે એમ સંસારને એવા ભ્રમમાં રાખે છે, જેથી તેના નીંદકો ઓછા થાય અને પકડેલો માર્ગ તરતમા છુટે નહીં, એમ એના વચનો ને વળગી રહેવું પડે. બસ ગુરુ તત્વને આપણે અનુભવીને સદગુરુની કૃપાના અધિકારી બની શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન માટે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

દિવાળીના તહેવારોનું કાઉન્ટ ડાઉન શરૂ થવાની ઘડી વચ્ચે અચાનક કુદરતી આફત આવતા ધરતીપુત્રોની કફોડી હાલત થઈ

# મહાભારતમાં કહ્યું છે કે, સર્વ પ્રકારના રોગનો જન્મ મદમાંથી થયો છે, માટે જ દીન બની પ્રાર્થના કરો



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**દુઃખમાં જ મનુષ્યને ડહાપણ આવે છે, દુઃખમાં જ જીવને પ્રભુ પાસે જવાનું મન થાય છે, વિપત્તિમાં જ એનું સ્મરણ થાય છે, તેથી વિપત્તિ એ સાચી સંપત્તિ છે આપણે જેને વિપત્તિ કહીએ છીએ એ સાચી સંપત્તિ નથી અને જેને સંપત્તિ કહીએ છીએ એ સાચી સંપત્તિ નથી, પરંતુ પ્રભુનું વિસ્મરણ થાય એ સાચી વિપત્તિ, અને નારાયણનું સ્મરણ એ સાચી સંપત્તિ છે, ત્યારે શ્રીકૃષ્ણ કહે છે, તમે આ શું માગો છો? ઘણા વર્ષે હવે સુખ ભોગવવાનો સમય આવ્યો છે.**

આજકાલ મેઘરાજા અમદાવાદ સૌરાષ્ટ્ર દક્ષિણ ગુજરાત કચ્છના કેટલાક વિસ્તારોમાં ધબડાટી બોલાવી રહયા છે જેનાથી મગફળી કપાસ સહિત કેટલાક કૃષિ પાકો અને ઘાસચારાને નુકસાનીના વાવડ મળી રહયા છે. દિવાળીના તહેવારોનું કાઉન્ટ ડાઉન શરૂ થવાની ઘડી વચ્ચે અચાનક કુદરતી આફત આવતા ધરતીપુત્રોની કફોડી હાલત થઈ છે આ બંધ વચ્ચે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં આપણે જોઈએ તો દુઃખમાં જ મનુષ્યને ડહાપણ આવે છે, દુઃખમાં જ જીવને પ્રભુ પાસે જવાનું મન થાય છે. વિપત્તિમાં જ એનું સ્મરણ થાય છે, તેથી વિપત્તિ એ સાચી સંપત્તિ છે. આપણે જેને વિપત્તિ કહીએ છીએ એ સાચી સંપત્તિ નથી અને જેને સંપત્તિ કહીએ છીએ એ સાચી સંપત્તિ નથી, પરંતુ પ્રભુનું વિસ્મરણ થાય એ સાચી વિપત્તિ, અને નારાયણનું સ્મરણ એ સાચી સંપત્તિ છે.ત્યારે શ્રીકૃષ્ણ કહે છે, તમે આ શું માગો છો? ઘણા વર્ષે હવે સુખ ભોગવવાનો સમય આવ્યો છે, તોયે તમને હજુ દુઃખ ભોગવવાની હોંશ છે? સર્વ પ્રકારનું જેનું અભિમાન છૂટે છે, જે દીન બને છે તે ભગવાનને વહાલા લાગે છે. કુંતાજી દીન બન્યાં છે. તેઓ કહે છે કે, હું જે માગું છું તે યોગ્ય છે. દુઃખ મારો ગુરુ છે. જે દુઃખમાં નારાયણનું સ્મરણ થાય એ સુખ છે, તેને દુઃખ કેમ કહેવાય? વિપત્તિમાં તમારું સ્મરણ થાય છે તેથી તેને હું મારી સંપત્તિ માનું છું. સુખને નાખો ખાડામાં. સુખનું શું કામ છે? બલિહારી દુઃખની પળે પળે જ્યારે પ્રભુનું નામ જપાય છે હું ફરી ફરી માગું છું કે, મારે માથે વિપત્તિ આવે કે, જેથી તમારા ચરણનો આશ્રય કરવાની મારી ભાવના કાયમ રહે. ચાર પ્રકારના મદથી મનુષ્ય ભાન ભૂલે છેઃ ૧.વિદ્યામદ, ૨.યૌવનમદ, ૩. દ્રવ્યમદ, ૪.અધિકારમદ. આ ચાર પ્રકારના મદથી જીવ ભગવાનને ભૂલી જાય છે. પોતાનું બાળક રડે છે, ત્યારે પ્રોફેસર તાળી પાડે અને તેને છાનું રાખવા પ્રયત્ન કરે છે. તે વખતે ભૂલી જાય છે કે પ્રોફેસર છું. પ્રોફેસર સાહેબ કથામાં આવે છે, ત્યારે કીર્તનમાં તેમને તાળી પાડતાં શરમ આવે છે પણ ઘરે બાબાને રમાડતાં તાળી પાડતાં શરમ નથી આવતી! ભણેલા લોકોને ભજનમાં શરમ આવે, તો એના જેવું શરમજનક બીજું શું હોઈ શકે? ભગવાને કહ્યું છે, આ ચાર પ્રકારના મદથી જીવ ઉન્મત્ત બનેછે અને મારું અપમાન કરે છે. આ મદવાળાની જીભને કીર્તન વખતે પાપ પકડી રાખે છે ને ધમકાવે છે કે, તું બોલીશ તો મારે ભાગવું પડશે માટે ચૂપ રહે! મહાભારતમાં કહ્યું છે કે, સર્વ પ્રકારના રોગનો જન્મ મદમાંથી થયો છે. માટે દીન બની પ્રાર્થના કરો. પ્રભુના જન્મનું પ્રયોજન ઘણી રીતે બતાવવામાં આવ્યું છે, પરંતુ મને લાગે છેકે દુષ્ટોનોવિનાશ કરવો એ પ્રભુના જન્મનું પ્રધાન કાર્ય નથી. પરંતુ ભક્તોને પ્રેમનું પ્રદાન કરવા તેઓ આવ્યા છે. કુંતાજી કહે છે કે, જ્યારે તમે ગોકુળમાં બાળલીલા કરતા હતા, ત્યારે હું તમને જોવા આવી હતી. તમારું એ બાલસ્વરૂપ મારાથી હજુ ભૂલાતું નથી. એ વખતે યશોદાએ તમને બાંધ્યા હતા. તે ઝાંખી મને થઈ છેતે હજુ ભૂલાતી નથી. આપ એવી દયા કરો કે, મને અનન્ય ભક્તિ પ્રાપ્ત થાય. મર્યાદા પુષ્ટિભક્તિનાં આ પ્રમાણે વખાણ કરે છે. કુંતા યશોદાનાં



વખાણ કરે છે. પ્રેમનું બંધન ભગવાન પણ ભૂલી શકતા નથી. એટલે યશોદાની યાદથી કાળ પણ જેનાથી કાંપે છે તે કાળના કાળ શ્રીકૃષ્ણ આજે થરથર કાંપે છે. સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર થયા પછી સંસારમાં આસક્તિ રહી જાય છે. સગુણ સ્વરૂપ અને નિર્ગુણ સ્વરૂપ બંનેનું આરાધન કરે, તેની ભક્તિ સિદ્ધ થાય છે, એટલે એ સ્નેહ પાશને કાપી કાઢવાનું કહ્યું છે. ભગવાન બધું કરે છે પણ વૈષ્ણવને નારાજ કરી શકતા નથી. કુંતાજીનો ભાવ જાણી ભગવાન પાછા વળ્યા છે.કુંતાજી ના મહેલ માં ભગવાન પધાર્યા છે. અતિશય આનંદ થયો છે અને અર્જુન ત્યાં આવ્યા છે. માને કહે છેકે,શ્રીકૃષ્ણ મારા સખા છે.મારા માટે પાછા આવ્યા છે. કુંતાજી કહે છે, રસ્તામાં જઈને હું ઊભી રહી એટલે પાછા આવ્યા છે. દ્રૌપદી કહે, ના રે, શ્રીકૃષ્ણની આંગળી કપાઈ હતી, ત્યારે મારી સાડી ફાડી પાટો મેં બાંધેલો એટલે મારા માટે આવ્યા છે. સુભદ્રા કહે છે,તમે તો કેવળ માનેલાં બહેન છો. સગી બહેન તો હું છું.એટલે મારા માટે તેઓ પાછા આવ્યા છે.મને મળવા આવ્યા, ત્યારે હું રડી અને કઈ ન બોલી શકી માટે પાછા આવ્યા છે. પ્રભુ સર્વને વહાલો, પણ એ કોઈ એકનો નહીં. એ તો સર્વથી ન્યારો છે.શ્રીકૃષ્ણ કહે છે,હું કોઈ સગાઈ ને માનતો નથી. માત્ર પ્રેમ સગાઈમાં માનું છું.હું મારા ભીષ્મ માટે પાછો આવ્યો છું. મને ભીષ્મ યાદ કરે છે. ભીષ્મપિતા તે વખતે મૃત્યુશૈયા પર પોઢેલા છે.તેમનું મરણ સુધારવા ભગવાન પાછા આવ્યા છે. મહાત્માઓનું મરણ મંગલમય હોય છે. સંતનો જન્મ આપણા જેવો હોય છે, તેથી તેઓની જન્મ તિથિ ઊજવાતી નથી.પરંતુ સંતોનું મરણ પુણ્યમય હોય છે, મંગલમય હોય છે, તેથી તેઓની મરણતિથિ ઊજવાય છે. ભીષ્મપિતાનું મરણ કેવી રીતે થાય છે તે જોવા મોટા મોટા ઋષિ ઓ ત્યાં આવ્યા છે. ધર્મરાજાને પ્રભુએ ઉપદેશ કર્યો પણ તેને સાંત્વના મળતી નથી, એટલે પ્રભુ તેમને ભીષ્મપિતા પાસે જવા કહેછે.બધા બાણગંગાના કિનારે ભીષ્મ સૂતા છે ત્યાં આવ્યા છે. બાણશૈયા પર પોઢેલા ભીષ્મ વિચારે છે કે, ઉત્તરાયણમાં મારે મરવું છે. તેમણે કાળને કહ્યું કે, હું તારો નોકર નથી. મારા શ્રીકૃષ્ણનો સેવક છું.મને ભગવાને વચન આપેલું છે કે, અંતકાળે હું જરૂર આવીશ.પણ તેઓ કેમ હજુ દેખાતા નથી? મારા નારાયણઆવે તો તેમના દર્શન કરી હું પ્રાણ ત્યાગ કરીશ. આમ વિચારે છે તે જ વખતે ધર્મરાજા ત્યાં આવે છે. ભીષ્મ ધર્મરાજાને કહે, શ્રીકૃષ્ણ સાક્ષાત્ પરમાત્મા છે. મારું મરણ સુધારવા તેઓ આવ્યા છે. ભીષ્મે ભગવાનને વચનથી બાંધ્યા હતા. કૌરવ-પાંડવ યુદ્ધ વખતે દુર્યોધન ભીષ્મપિતાને ટોણો મારી કહે, દાદાજી, આઠ દિવસ થયા કોઈ પાંડવને તમે મારી શક્યાનથી દાદાજી,તમે બરાબર લડતા નથી. તમારે મને જ મારવો છે.આ સાંભળી ભીષ્મ આવેશમાં આવી ગયા.આવેશમાં દુર્યોધનને કહ્યું, રાત્રે બાર વાગે હું ધ્યાનમાં બેસું,ત્યારે તારી રાણીને આશીર્વાદ લેવા મોકલજે.હું અખંડ સૌભાગ્યનું વરદાન આપીશ. પછી તો હું તારું હિત ચાહું છું એની તને ખાતરીથશે ને! શ્રીકૃષ્ણને આ સાંભળી ચિંતા થઈ. તેઓ દુર્યોધનની પત્ની ભાનુમતીને મળ્યા પછી કહે,દાદા જી તો ઘરના છે. આજે જ જવાની શું ઉતાવળ છે? આવતીકાલે દર્શન કરવા જજેને ભાનમુતિ કહે, ભલે, તો કાલે ડોસા ને ગમે ત્યારે મળશે. પછી શ્રીકૃષ્ણે વૌપદીને જગાડી,અને એને લઈને ભીષ્મપિતા પાસે ગયા. ભીષ્મપિતા ધ્યાન કરે છે. આજે દ્વારિકાધીશનું સ્વરૂપ દેખાતું નથી પરંતુ કાળી કામળી, હાથમાં દીવો વગેરે સ્વરૂપવાળા ભગવાન દેખાય છે. આજે ભગવાન દ્રૌપદી ના ખવાસ થઈને આવ્યા છે. દ્વાર પાળે અટકાવ્યા. પુરુષને અંદર જવાની મનાઈ છે એટલે એકલી દ્રૌપદી અંદર જઈ પ્રણામ કરે છે. દુર્યોધનની પત્ની ભાનુમતિ આવી છે એમ માની ભીષ્મ આશીર્વાદ આપે છે, અખંડ સૌભાગ્યવતી ભવ! દ્રૌપદી બોલી, દાદાજી, તમારો આશીર્વાદ સાચો પડશે જ. ભીષ્મ પૂછે છે કે, તું કોણ છે? દ્રૌપદીએ જવાબ આપ્યો કે, હું પાંડવોની પત્ની દ્રૌપદી છું. ભીષ્મ કહે, મેં તને આશીર્વાદ આપ્યા છે તેમાં હવે મીનમેખ થાય નહીં. પાંડવોને મારવાની પ્રતિજ્ઞા મેં આવેશમા લીધી છે, સાચા હૃદય થી નહીં. સાચા હૃદયથી તને આશીર્વાદ આપ્યા છે તે સાચા પડશે પણ તું પહેલાં મને કહે, તું અહીં આવી કેવી રીતે? શ્રીકૃષ્ણનું જ આ કામ. ક્યાં છે એ! ભીષ્મ દોડતા બહાર આવ્યા. શ્રીકૃષ્ણને કહે, આજે તો હું આપનું ધ્યાન કરું છું,પણ અંતકાળે તમારું સ્મરણ રહેશે કે નહીં તેની ખબર નથી. માટે અંત કાળે મારી લાજ રાખવા આવજો તે વખતે મને લેવા આવજો! તે વખતે શ્રીકૃષ્ણે ભીષ્મ પિતાને વચન આપેલું કે હું જરૂર આવીશ. તેમને આપેલુંએ વચન સત્ય કરવા આજે દ્વારિકા નાથ પધાર્યા છે.પ્રભુની રોજ પ્રાર્થના કરજો. મારા મૃત્યુ સમયે આપ જરૂર આવજો. શરીર સારું હોય તો ધ્યાન-જપ થાય છે,પણ અંત કાળે દુઃખથી દેહનું સંધાન થાય છે તેથી પરમા ત્માનું સ્મરણ કરવું કઠણ છે. ભીષ્મ પિતા શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે,પ્રભુ ઊભા છો તેવા જ ઊભા રહેજો!શ્રીકૃષ્ણ વિચારે છે કે, મને બેસવાનું પણ નહીં કહે? પુંડલિક ની સેવા મને યાદ આવે છે. તુકારામે પ્રેમમાં એકવાર પુંડલિકને ઠપકો આપ્યો છે. મારા વિઠ્ઠલનાથ તારે આંગણે આવ્યા તેની તેં કદર ન કરી. મારા પ્રભુને તેં ઊભા રાખ્યા છે. રોજ પ્રાર્થના કરો કે, નાથ, મારું મરણ સુધારજો. શરીરમાં શક્તિ છે ત્યારે જ ખૂબ ભક્તિ કરો અને પ્રભુને રીઝવો. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આસો માસના અંતિમ દિવસોમાં ગુજરાતમાં કેટલાક વિસ્તારોમાં અષાઢી માહોલ જામ્યો છે ત્યારે દિવાળી ૨૦૮૧નું નવું વર્ષ સર્વ જીવો માટે શાંતિ સમૃદ્ધિમય બની રહે તેવી પ્રાર્થના સહ અસ્તુ.

### સીમા સજદેહ અને બિઝનેસમેન વિક્રમ આહુજા ડેટિંગ કરી રહ્યા છે

# સીમાને ૨૪ વર્ષ જૂનો પ્રેમ ફરી પાછો મળ્યો

વિક્રમ આહુજા સાથે સીમા સજદેહની સગાઈ થઈ હતી, પરંતુ તેણે ભાગીને સોહેલ ખાન સાથે લગ્ન કર્યા હતા, સલમાન ખાન અને તેનો પરિવાર છેલ્લા કેટલાક સમયથી ચર્ચામાં છવાયેલો છે. સલમાનના મોટાભાઈ અરબાઝ ખાને મલાઈકા સાથે છૂટાછેડા પછી શૂરા ખાન સાથે લગ્ન કરી લીધાં છે. અરબાઝ અને મલાઈકા પોત-પોતાના સંસારમાં પરોવાઈ ગયાં છે ત્યારે સલમાનના અન્ય ભાઈ સોહેલ ખાનની પત્ની સીમા સજદેહને પણ નવો સાથીદાર મળી ગયો છે. અરબાઝ ખાન સાથે ભાગીને લગ્ન કરવા સીમાએ ૨૪ વર્ષ પહેલાં જે યુવકને તરછોડ્યો હતો, તેની જ સાથે ડેટિંગ શરૂ કર્યું છે. સોહેલની પૂર્વ પત્ની ઉપરાંત ફેશન ડિઝાઈનર તરીકે ઓળખ ધરાવતી ૪૭ વર્ષીય સીમા સજદેહ અને બિઝનેસમેન વિક્રમ આહુજા ડેટિંગ કરી રહ્યા છે. સીમાએ સલમાનના ભાઈ સાથે ૨૬ વર્ષ અગાઉ લગ્ન કરેલા હતા. અત્યારે તેમણે છૂટાછેડાની અરજી આપેલી છે.



સીમા કુંવારી હતી ત્યારે તેની સગાઈ વિક્રમ સાથે થયેલી હતી, પરંતુ તેના માટે સોહેલ જ સર્વસ્વ હતો. તેથી ઘરેથી ભાગીને સીમાએ ૧૯૯૮માં સોહેલ સાથે લગ્ન કર્યા હતા. ૨૪ વર્ષના લગ્નજીવન બાદ તેઓ છૂટા પડ્યાં હતાં. જીવનનું એક ચક્ર પૂરું થતું હોય તેમ વિક્રમ અને સીમાનો પ્રેમ પૂરબહારમાં ખીલેલો છે. સીમાને નવા ઘરમાં શિફ્ટ થવાનું હતું ત્યારે પણ વિક્રમે મદદ કરી હતી. વિક્રમ અને સીમા જાહેરમાં સાથે જોવા મળી રહ્યા છે. ઓટીટી પર પ્રસારિત થતા શો 'બોલિવૂડ વાઈવ્સ'માં સીમાએ પોતાના સંબંધો અંગે વાત કરી હતી. સીમાનો મોટો દીકરો નિર્વાણ ખાન ૨૩ વર્ષનો છે. સીમાએ જણાવ્યું હતું કે, સોહેલ સાથે છૂટા પડ્યા બાદ જીવનમાં આગળ વધવા બાબતે નિર્વાણ સાથે વાત કરી હતી. નિર્વાણે સીમાને હંમેશા ખુશ રહેવા પ્રોત્સાહન આપ્યુ હતું. સીમાએ આ શો દરમિયાન ફરી એક વાર પોતાને વિક્રમના સ્વરૂપમાં પ્રેમ મળ્યો હોવાનું સ્વીકાર્યું હતું.

### આ દંપતીએ ૨૦૧૮ માં ભવ્ય લગ્ન સમારોહમાં લગ્ન કર્યા


# યુવિકા ચૌધરીએ એક બાળકીને જન્મ આપ્યો

પ્રિન્સ નરુલા અને યુવિકા ચૌધરીએ શનિવારે સાંજે તેમના પ્રથમ બાળક, બાળકીનું સ્વાગત કર્યું. પ્રિન્સ નરુલા અને યુવિકા ચૌધરી આ દિવસોમાં ક્લાઉડ નવ પર છે. દંપતીને એક બાળકીનો આશીર્વાદ મળ્યો છે અને તેઓ શનિવારે સાંજે તેમના પ્રથમ બાળકનું સ્વાગત કરે છે. પ્રેમ દંપતીએ થોડા મહિના પહેલા પ્રસૂતિ અને ગર્ભાવસ્થાના ફોટોશૂટની તસવીરો શેર કરીને ગર્ભાવસ્થાની જાહેરાત કરી હતી. યુવિકાએ IVF દ્વારા માતૃત્વ સ્વીકાર્યું. પ્રિન્સના પિતા જોગીન્દર નરુલાએ સારા સમાચારની પુષ્ટિ કરતા કહ્યું કે, 'અમે ખૂબ જ આશીર્વાદિત અને ખુશ છીએ'. પરિવારના નજીકના સ્ત્રોતે ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને આ સમાચારની પુષ્ટિ કરી, 'યુવિકાએ ગઈકાલે સાંજે એક બાળકીને જન્મ આપ્યો.' પ્રિન્સ નરુલા અને યુવિકા ચૌધરી બિગ બોસ ૯ દરમિયાન મળ્યા હતા અને મિત્રો બન્યા હતા. બંનેએ ડેટિંગ કરવાનું શરૂ કર્યું અને ૨૦૧૬ માં સગાઈ કરી. આ દંપતીએ ૨૦૧૮ માં ભવ્ય લગ્ન સમારોહમાં લગ્ન કર્યા. યુવિકાએ પિતૃત્વ સ્વીકારવા વિશે તેના હૃદયની વાત કરી કારણ કે તેણે કહ્યું, 'અમે બંને આ નવી જવાબદારી લેવા માટે તૈયાર છીએ અને આ સુંદર અનુભવ કરવા માટે ઉત્સાહિત છીએ. જીવનનો તબક્કો. હું ઈચ્છતો હતો કે પ્રિન્સનું કરિયર સારી રીતે સ્થાપિત થાય અને અમે ફેમિલી પ્લાનિંગને આગળ ધપાવી દીધું. પણ પછી મને સમજાયું કે સમય જતાં તમારું શરીર અને ઉંમર ઘણી બધી બાબતોને ટેકો આપતા નથી. જ્યારે અમે તેને શોધવાનું શરૂ કર્યું, ત્યારે મેં પ્રિન્સ સાથે ચર્ચા કરી કે હું IVF પસંદ કરવા માગું છું, અને હું પ્રિન્સની કારકિર્દીને ખલેલ પહોંચાડવા માગતો નથી. તેથી, અમે IVF દ્વારા અમારી પિતૃત્વ યાત્રાને સુરક્ષિત કરવાનું નક્કી કર્યું. પ્રિન્સે એક ભવ્ય ઘનિષ્ઠ બેબી શાવરનું આયોજન કર્યું હતું જેમાં તેમના નજીકના મિત્રો અને પરિવારના સભ્યોએ હાજરી આપી હતી



### ૧૯૯૪ની ફ્રેન્ચ ફિલ્મ લીઓનથી પ્રેરિત છે સુહાનાની ડેબ્યુ ફિલ્મ કિંગ

# શાહરૂખ 'કિંગ'માં પહેલી વખત પ્રોફેશનલ કિલરના રોલમાં જોવા મળશે



શાહરૂખની કોઈ ફિલ્મ રિલીઝ થતાં જ તેના ફૅન્સ ઉત્સાહમાં આવી જાય છે અને તેમના માટે શાહરૂખની ફિલ્મ કોઈ તહેવાર સમાન હોય છે. પરંતુ કિંગ ખાનની આવનારી ફિલ્મ 'કિંગ' માટે તેના ફૅન્સ અન્ય ફિલ્મો કરતાં વધુ ઉત્સાહીત છે, કારણ કે આ ફિલ્મમાં તેની સાથે દિકરી સુહાના પણ હશે. સુજોય ઘોષની આ ફિલ્મથી સુહાના મોટા પડદે ડેબ્યુ કરી રહી છે. જ્યારે પહેલી વખત આ ફિલ્મની જાહેરાત થઈ ત્યારે લોકો એવું માની રહ્યાં હતાં કે આ ફિલ્મમાં સુહાના અને શાહરૂખ પિતા-પુત્રીના રોલમાં જ હશે. જોકે, હવે આ વાત અફવા લાગી રહી છે. કેટલાંક અહેવાલો અનુસાર આ ફિલ્મમાં શાહરૂખ સુહાનાના પિતાના રોલમાં નહીં પણ એક પ્રોફેશનલ કિલરના રોલમાં જોવા મળશે. જ્યારે સુહાના એક એવી છોકરીના રોલા હશે, જે પોતાનો પરિવાર ગુમાવી ચૂકી છે અને હવે શાહરૂખ તેની રક્ષા કરી રહ્યો છે. આ ફિલ્મની વાર્તા અને પાત્રો ૧૯૯૪માં આવેલી અંગ્રેજીમાં બનેલી ફ્રેન્ચ ફિલ્મ 'લિઓનઃ ધ પ્રોફેશનલ' પરથી પ્રેરિત છે. આ અંગે સૂત્રએ જણાવ્યું,"આ સંપુર્ણપણે લિઓનની વાર્તા નથી. પરંતુ હા આ ફિલ્મનો બેઝિક પ્લોટ તેનાથી ચોક્કસ પ્રેરિત છે. શાહરૂખ ખાન પણ તેની દિકરી સાથે પિતાની ભુમિકામાં ન હોય તેવી ફિલ્મ કરવા ઉત્સાહીત હતો. આ ફિલ્મમાં લિઓનની વાર્તાને અલગ રીતે રજૂ કરવામાં આવી છે." આમ આ ફિલ્મમાં પહેલી વખત શાહરૂખ એવા અવતારમાં જોવા મળશે જેની કોઈએ કલ્પના પણ કરી નહોતી. છેલ્લે ૨૦૨૩માં તેની ફિલ્મો 'જવાન' અને 'પઠાણ' આવી હતી. બંને ફિલ્મો સફળ થઈ હતી, તેથી હવે દર્શકોને શાહરૂખની ફિલ્મ પાસે ઘણી અપેક્ષાઓ છે. 'ધ આર્ચિઝ'માં ડેબ્યુ કર્યા બાદ હવે બધાની નજર સુહાનાની એક્ટિંગ પર હશે.

### એન્ટરટેઈનમેન્ટ ન્યૂઝમાં આ સૌથી વધુ ચર્ચિત સ્ટાર છે

# શાહરૂખ ખાને એકવાર કાજોલને કહ્યું હતું કે 'કેવી રીતે અભિનય કરવો તે શીખો'

બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાન છેલ્લા ત્રણ દાયકાથી વધુ સમયથી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી પર રાજ કરી રહ્યો છે. અભિનેતાએ માધુરી દીક્ષિત, જુહી ચાવલા, અનુષ્કા શર્મા, કેટરિના કૈફ, આલિયા ભટ્ટ, ઐશ્વર્યા રાય, પ્રીતિ ઝિન્ટા અને ઘણી વધુ સહિત અનેક બોલિવૂડ અભિનેત્રીઓ સાથે કામ કર્યું છે. કાજોલ સાથે શાહરૂખ ખાનની કેમેસ્ટ્રીની સૌથી વધુ પ્રશંસા કરવામાં આવી છે. વેલ, તમે અંદાજ લગાવી શકો કે શાહરૂખ ખાને કોને એક્ટિંગ શીખવાની સલાહ આપી હતી. આ અભિનેત્રી બીજી કોઈ નહીં પણ કાજોલ છે. અભિનેત્રી હાલમાં તેની આગામી નેટફ્લિક્સ થ્રિલર, દો પતિનું પ્રમોશન સહ કલાકારો શાહિર શેખ, કૃતિ સેનન અને અન્ય સાથે કરી રહી છે. એક ઈન્ટરવ્યુમાં અભિનેત્રીએ શેર કર્યું કે કેવી રીતે શાહરૂખ ખાને તેણીને કેવી રીતે અભિનય કરવો તે શીખવા કહ્યું અને આ એક સલાહે તેણીનું કામ પ્રત્યેનું વર્ણન બદલી નાખ્યું. કાજોલે ચર્ચા કરી કે કેવી રીતે ૧૮ વર્ષની ઉંમરે તેણી સતત કામ કરતી હોવાથી તે બર્નઆઉટનો સામનો કરતી હતી. તેણીએ તે સમયને પણ યાદ કર્યો જ્યારે તેણીએ ફિલ્મ ઉદ્યોગ છોડવાની ઈચ્છા વ્યક્ત કરી હતી પરંતુ તે શાહરૂખ ખાને જ તેણીને કહ્યું હતું કે તે માત્ર ખાતર કરવાને બદલે હસ્તકલાની મજા માણે છે. તેણીએ મીડિયા પોર્ટલને કહ્યું, 'મને યાદ છે કે મેં ફિલ્મ પૂરી કરી હતી અને તે પહેલાં, શાહરૂખ એવો હતો કે, 'તમે જાણો છો કે તમારે માત્ર અભિનય કેવી રીતે કરવો તે શીખવું પડશે.' મને લાગ્યું, 'આ શું છે? તે શેની વાત કરે છે?' અલબત્ત, હું એક કલ્પિત કામ કરી રહ્યો છું!' એન્ટરટેઈનમેન્ટ ન્યૂઝમાં આ સૌથી વધુ ચર્ચિત સ્ટાર છે. અભિનેત્રીએ તેની માતા તનુજાને પણ કહ્યું હતું કે તે હવે અભિનય કરી શકતી નથી અને બાદમાં થોડી ફિલ્મો કર્યા બાદ તે શાહરૂખ ખાનને કારણે અભિનયની ટેકનિક સમજી ગઈ હતી. કાજોલે કહ્યું, 'મેં ઉધાર કી જિંદગી નામની આ ફિલ્મ કરી હતી. જ્યારે હું ફિલ્મ પૂરી કરી રહ્યો હતો, ત્યારે મને યાદ છે કે હું મારી માતાને કહેતો હતો, 'તમે જાણો છો, મમ્મી, મારું કામ થઈ ગયું છે. વાહ. હું બળી ગયો છું. સાડા ૧૮ વર્ષની નાની ઉંમરે, હું પૂર્ણ થઈ ગયો છું. હું હવે આગળ વધી શકતો નથી. હું હવે રડી શકતો નથી. હું હવે ગ્લિસરીન મૂકી શકતો નથી. હું નથી કરી શકતો. હું હવે આ ફિલ્મો કરવા માંગતો નથી. તમે જાણો છો, મારે ચાર દ્રશ્યો, દસ ગીતો કરવા છે.' હું આવી ફિલ્મો કરવા માંગતો હતો. અને મેં એવી ચાર ફિલ્મો સાઈન કરી. તો ત્યાંથી ગુંડા રાજ, હલચુલ, આ બધી ફિલ્મો આવી. ત્યાર બાદ મેં અભિનયની ટેકનિક શીખી.'



## કરણ જોહરના ધર્મા પ્રોડક્શનના શેર વેચાયા


ફિલ્મ નિર્માતા કરણ જોહર છેલ્લા કેટલાક દિવસોથી તેમના ધર્મા પ્રોડક્શન માટે સતત હેડલાઈન્સમાં છે. હાલમાં જ સમાચાર આવ્યા હતા કે આ પ્રોડક્શન હાઉસને બિઝનેસમેન મુકેશ અંબાણીએ ખરીદ્યું છે. પરંતુ આ માત્ર અફવાઓ હોવાનું બહાર આવ્યું છે. પરંતુ હવે સત્તાવાર રીતે સામે આવ્યું છે કે ધર્મા પ્રોડક્શનનો ૫૦ ટકા હિસ્સો વેચી દેવામાં આવ્યો છે. કરણ જોહર હિન્દી સિનેમાના પીઢ ફિલ્મ નિર્માતા તરીકે ઓળખાય છે. તેમની જેમ તેમનું ધર્મા પ્રોડક્શન હાઉસ પણ ખૂબ લોકપ્રિય છે. છેલ્લા કેટલાક દિવસોથી આ બેનરની હિસ્સેદારી અંગે ઘણા પ્રકારના સમાચાર સામે આવી રહ્યા હતા, જેમાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે ધર્મા પ્રોડક્શને તેના ૫૦ ટકા શેર વેચી દીધા છે અને દેશના પ્રખ્યાત ઉદ્યોગપતિ મુકેશ અંબાણીએ તેને ખરીદ્યા છે. જોકે, આ સમાચાર માત્ર અફવા સાબિત થયા છે. પરંતુ હવે એવું નક્કી કરવામાં આવ્યું છે કે ધર્મા પ્રોડક્શને તેના ૫૦ ટકા શેર વેચી દીધા છે અને તે મુકેશ અંબાણીએ નહીં પરંતુ આ દિગ્ગજ ઉદ્યોગપતિએ ખરીદ્યા છે. ચાલો આ બાબતે વિગતવાર જાણીએ. આ બિઝનેસમેન ધર્મા પ્રોડક્શનનો અડધો માલિક હશે, કરણ જોહર લાંબા સમયથી ધર્મા પ્રોડક્શનના બેનર હેઠળ ઘણી શાનદાર ફિલ્મોનું નિર્માણ કરી રહ્યો છે. તાજેતરમાં રિલીઝ થયેલી આલિયા ભટ્ટ સ્ટારર ફિલ્મ જીગરા આ પ્રોડક્શન દ્વારા બનાવવામાં આવી છે. હવે તેના શેર વેચવાના સમાચાર સામે આવ્યા છે. ખરેખર, સીરમ ઈન્સ્ટિટ્યૂટના માલિક અદાર પૂનાવાલાએ રૂ. ૧૦૦૦ કરોડના સોદામાં ધર્મા પ્રોડક્શનના અડધા શેર ખરીદ્યા છે. આ એ જ વ્યક્તિ છે જેની કંપની હેઠળ કોવિડ રસી બનાવવામાં આવી હતી.




### સલમાન ખાન અને એનટીઆર કરતાં

# સલમાન ખાન અને એનટીઆર કરતાં વધુ ધનિક સ્ટારના પુત્ર

### પ્રશંસકો બોલિવૂડ સ્ટાર કિડ્સના પ્રેમમાં પાગલ છે અને તેઓ તેમનાથી દિવાના છે



પ્રશંસકો બોલિવૂડ સ્ટાર કિડ્સના પ્રેમમાં પાગલ છે અને તેઓ તેમનાથી દિવાના છે. વેલ, સ્ટાર બાળકોને તેમના પરિવારના કારણે ફિલ્મોમાં કામ કરવાની તક મળે છે. પરંતુ, અહીં એક સ્ટાર બાળક છે જે એક પ્રખ્યાત નિર્દેશકનો પુત્ર છે અને તેણે પોતાના અભિનયથી દર્શકોને પ્રભાવિત કરવા માટે સખત મહેનત કરી છે. તમે અનુમાન કરી શકો છો, તે કોણ છે? વેલ, અમે બોલીવુડ અભિનેતા ઋત્વિક રોશન વિશે વાત કરી રહ્યા છીએ , જે અભિનેતામાંથી દિગ્દર્શક બનેલા રાકેશ રોશનના પુત્ર છે, જેને બોલીવુડના ગ્રીક ભગવાન તરીકે પણ ઓળખવામાં આવે છે. હૃતિક ભારતમાં સૌથી ધનાઢ્ય સ્ટાર કિડનું બિરુદ ધરાવે છે. અહેવાલો અનુસાર, હૃતિકની કુલ સંપત્તિ રૂ. ૩,૧૦૦ કરોડ (ઈ૩૭૦ મિલિયનથી વધુ) છે અને તે સૈફ અલી ખાન (રૂ. ૧,૨૦૦ કરોડ), અભિષેક બચ્ચન, રણબીર કપૂર (રૂ. ૪૦૦ કરોડ), અને આલિયા ભટ્ટ (રૂ. ૫૫૦) જેવા અન્ય કલાકારોને પાછળ છોડી દે છે. કરોડ). વધુમાં, હૃતિકે રામ ચરણ (રૂ. ૧,૩૪૦ કરોડ), જુનિયર એનટીઆર (રૂ. ૫૦૦ કરોડ), અને પ્રભાસ (રૂ. ૩૦૦ કરોડ) સહિત દક્ષિણ ભારતીય સ્ટાર્સની નેટવર્થને પણ પાછળ છોડી દીધી છે. રિતિક સૌથી ધનિક અભિનેતાઓની દ્રષ્ટિએ ટોચ પર છે અને તે આમિર ખાન (રૂ. ૧,૮૦૦ કરોડ), રજનીકાંત (રૂ. ૪૦૦ કરોડ), અને સલમાન ખાન (રૂ. ૨,૯૦૦ કરોડ)ને પાછળ રાખે છે. હૃતિક તેની ફિલ્મોથી જંગી કમાણી કરે છે અને તેણે અનેક બિઝનેસ રોકાણ પણ કર્યા છે. અહેવાલ મુજબ, હૃતિક એક પ્રોજેક્ટ માટે રૂ. ૮૫ કરોડ ચાર્જ કરે છે અને તેની નેટવર્થ તેની સ્પોર્ટસવેર બ્રાન્ડ, ઉૅઈઠ થી આવે છે. ધ ફાઈનાન્શિયલ એક્સપ્રેસના એક રિપોર્ટ અનુસાર, રિતિકની કંપનીનું મૂલ્ય ૧,૦૦૦ કરોડ રૂપિયા છે અને તે સૌથી સફળ બિઝનેસમેનમાંથી એક છે. તે છેલ્લે ફાઈટરમાં જોવા મળ્યો હતો અને દીપિકા પાદુકોણ અને અનિલ કપૂર સાથે સ્ક્રીન સ્પેસ શેર કરી હતી.

### ૧૨ કરોડની છેતરપિંડીનો એક ડાન્સ ગ્રુપે કર્યો દાવો

# ૩ડી જેવી ફિલ્મોનું દિગ્દર્શન કરી ચૂકેલા રેમો ડિસોઝા ફરી એકવાર મુશ્કેલીમાં છે

## રેમો ડિસોઝા અને તેમની પત્ની લિઝેલ ડીસોઝાની મુશ્કેલીમાં વધારો

એબીસીડી ૨ અને સ્ટ્રીટ ડાન્સર ૩ડી જેવી ફિલ્મોનું દિગ્દર્શન કરી ચૂકેલા રેમો ડિસોઝા ફરી એકવાર મુશ્કેલીમાં છે. ૮ વર્ષ પહેલા કોરિયોગ્રાફર અને ડિરેક્ટર વિરુદ્ધ છેતરપિંડીનો કેસ નોંધવામાં આવ્યો હતો, જેની સુનાવણી હજુ પણ ચાલી રહી છે. હવે તેની સામે વધુ એક કેસ નોંધવામાં આવ્યો છે. રેમો ડિસોઝા પર તાજેતરમાં ફરી છેતરપિંડીનો કેસ નોંધવામાં આવ્યો છે. આ વખતે તેની પત્ની લિઝેલ ડિસોઝા પણ કાયદાકીય મુશ્કેલીમાં ફસાઈ ગઈ છે. મુંબઈના મીરા રોડ પોલીસ સ્ટેશનમાં રેમો અને લીઝલ સહિત ૭ લોકો વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. કોરિયોગ્રાફર રેમો ડિસોઝા, તેની પત્ની અને અન્ય પાંચ સામે મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં ૧૧.૯૬ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો છે. પીટીઆઈ અનુસાર, એક અધિકારીએ જણાવ્યું કે ૨૬ વર્ષીય ડાન્સરની ફરિયાદના આધારે, રેમો, તેની પત્ની લીઝલ અને અન્ય પાંચ વિરુદ્ધ મીરામાં ભારતીય દંડ સંહિતાની કલમ ૪૬૫ (ફોરરી), ૪૨૦ (છેતરપિંડી) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. ૧૬ ઓક્ટોબરે રોડ પોલીસ સ્ટેશન. અન્ય સંબંધિત જોગવાઈઓ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.એફઆઈઆર મુજબ, ફરિયાદી અને તેના જૂથ સાથે ૨૦૧૮ અને જુલાઈ ૨૦૨૪ વચ્ચે કથિત રીતે છેતરપિંડી કરવામાં આવી હતી. તેણે કહ્યું કે જૂથે એક ટેલિવિઝન શોમાં પ્રદર્શન કર્યું હતું અને જીત્યું હતું. પરંતુ ૧૧.૯૬ કરોડ રૂપિયાની ઈનામની રકમ ગ્રુપમાં ટ્રાન્સફર કરવામાં આવી ન હતી અને આરોપીઓએ કથિત રીતે એવો ઢોંગ કર્યો હતો કે આ ગ્રુપ તેમનું છે અને તેઓને ૧૧.૯૬ કરોડ રૂપિયાની ઈનામી રકમ મળવા જઈ રહી છે. રેમો ડિસોઝા અને લીઝલ ઉપરાંત અન્ય આરોપીઓમાં ઓમપ્રકાશ શંકર ચૌહાણ, રોહિત જાધવ, ળેમ પ્રોડક્શન કંપની, વિનોદ રાઉત, એક પોલીસકર્મી અને રમેશ ગુપ્તાનો સમાવેશ થાય છે. હાલ પોલીસ તપાસમાં વ્યસ્ત છે.એ વાત જાણીતી છે કે ૮ વર્ષ પહેલા પણ રેમો વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી હતી, જેમાં ફરિયાદીએ દાવો કર્યો હતો કે તેણે એક ફિલ્મ બનાવવા માટે તેની પાસેથી ૫ કરોડ રૂપિયા લીધા હતા અને ૧૦ કરોડ રૂપિયા આપવાનો વાયદો કર્યો હતો, પરંતુ તેણે આપ્યો ન હતો. આ વર્ષે ઓગસ્ટમાં અલ્હાબાદ હાઈકોર્ટે કોરિયોગ્રાફરને રાહતની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી.



### કોરિયોગ્રાફર રેમો ડિસોઝા અને તેની પત્ની વિરુદ્ધ FIR દાખલ

# રેમો અને લિઝલ ડિસોઝાએ છેતરપિંડીના તમામ આરોપો ફગાવ્યા, કોરિયોગ્રાફરે હકીકત જણાવી

ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પ્રખ્યાત કોરિયોગ્રાફર રેમો ડિસોઝા અને તેમની પત્ની લિઝેલ ડિસોઝાને લઈને હાલમાં એક ડાન્સ ટ્રુપ સાથે છેતરપિંડી કરવાના સમાચાર સામે આવ્યા હતા. જેના એક દિવસ બાદ તેઓએ એક પોસ્ટ શેર કરીને સમગ્ર હકીકત જણાવી હતી. રેમો-લિઝલે ૨૦ ઓકટોબરની રાત્રે તેના સોશિયલ મીડિયા પર એક નિવેદન જારી કર્યું હતું. જેમાં તેમણે છેતરપિંડીનો આરોપોને ફગાવી દીધા હતા અને સમગ્ર મામલો શું છે તે અંગે જણાવતા લખ્યું કે, "અમને સમગ્ર ઘટનાની જાણ મીડિયા રિપોર્ટ્સ દ્વારા થઈ હતી. આ જોઈને હું આશ્ચર્યચકિત થઈ ગયો હતો." રેમો ડિસોઝાએ તમામ આરોપ ો નકારી કાઢ્યા, રેમોએ તેની પત્ની સાથે ઈન્સ્ટાગ્રામ પર એકનિવેદનજારીકર્યુંઅનેછેતરપિંડીનાંઆરોપોઅંગેનિરાશાવ્યક્ત કરી અને લોકોને 'અફવાઓ ફેલાવવાથી દૂર રહેવા' કહ્યું. રેમોએ પોતાના નિવેદનમાં એમ પણ લખ્યું છે કે તે અને તેની પત્ની ટૂંક સમયમાં જ આ મામલે પોતાના મંતવ્યો તેમના ચાહકોની સામે રજૂ કરશે. પોસ્ટમાં લખવામાં આવ્યું છે કે, 'મીડિયા રિપોર્ટ્સ દ્વારા અમને ખબર પડી છે કે એક ડાન્સ ટ્રુપે તેમની વિરુદ્ધ છેતરપિંડીનો આરોપ લગાવીને ફરિયાદ નોંધાવી છે.' કોરિયોગ્રાફર રેમો ડિસોઝાએ વધુમાં કહ્યું કે, 'હું આ જાણીને ખૂબ જ દુઃખી છું, તે ખૂબ જ નિરાશાજનક છે કે આવી માહિતી પ્રકાશિત કરવામાં આવી છે. અમે દરેકને વિનંતી કરીએ છીએ કે સાચી હકીકતો જાણતા પહેલા અફવાઓ ફેલાવવાનું ટાળો. "અમે યોગ્ય સમયે અમારા કેસને આગળ ધપાવીશું અને સત્તાવાળાઓને દરેક સંભવિત રીતે સહકાર આપવાનો પ્રયાસ કરીશું,જેઅમેઅત્યારસુધીકર્યુંછે,"તેમણેનિવેદનનાઅંતમાંકહ્યુંકે, અમે અમારા પરિવાર, મિત્રો અને ચાહકોનો તેમના પ્રેમ અને સતત સમર્થન માટે આભાર માનવા માંગીએ છીએ. આ બધી અફવાઓ, તેમાં કોઈ સત્ય નથી. લીઝલ અને રેમો.' રેમો અને લિઝલ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ, બોલિવૂડ કોરિયોગ્રાફર અને નિર્દેશક રેમો ડિસોઝા અને તેની પત્ની વિરુદ્ધ ૨૬ વર્ષીય ડાન્સરની ફરિયાદના આધારે, રેમો, તેની પત્ની લિઝલ અને અન્ય પાંચ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા (આઈપીસી) કલમ ૪૬૫ (બનાવટ) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. મીરા રોડ પોલીસ સ્ટેશન ૧૬ ઓક્ટોબરે. IPC, ૪૨૦ (છેતરપિંડી) અને અન્ય સંબંધિત જોગવાઈઓ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.



### ક્લેડીંગ ઇનોવેશનમાં નવા યુગની શરૂઆત

# વિવા એસીપી દ્વારા સુપરસ્ટાર અનિલ કપૂરની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્તિ

। અમદાવાદ, તા.૨૧ ।



વિવા જે એશિયાની એલ્યુમિનિયમ કમ્પોઝિટ પેનલ્સ (ACP) ક્ષેત્રમાં સૌથી મોટી ઉત્પાદક અને સપ્લાયર છે, એમને સુપરસ્ટાર અનિલ કપૂરને તેના પ્રથમ બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિમણૂકની જાહેરાત કરતાં ગર્વ અનુભવે છે. એસીપી દ્વારા કરવામાં આવેલ આ ઐતિહાસિક ભાગીદારી આ ઉદ્યોગ માટે એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે, જે વિવાને શ્રી અનિલ કપૂર જેવા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કેલિબરની સેલિબ્રિટી સાથે સહયોગ કરનાર પ્રથમ બ્રાન્ડ તરીકે સ્થાન આપે છે. આ અભિનેતાનું પ્રતિકાત્મક વ્યક્તિત્વ અને બહુમુખી કારકિર્દી નવીનતા અને ગતિશીલ ઊર્જાની સમાન ભાવનાને પ્રતિબિંબિત કરે છે જેણે આર્કિટેક્ચરલ ડિઝાઈનમાં ક્રાંતિ લાવવામાં વિવા એલ્યુમિનિયમ કમ્પોઝિટ પેનલ્સ (ACP)ની સફરને વ્યાખ્યાયિત કરી છે. બે દાયકાથી વધુની કુશળતા સાથે, Viva ACP ઉચ્ચ-ગુણવત્તાવાળા, સ્ટાઈલિશ અને ટકાઉ ક્લેડીંગ સોલ્યુશન્સ માટે બેન્ચમાર્ક સેટ કરવાનું પોતાનું પ્રતિબદ્ધતાને ચાલુ રાખે છે. ફસાદસ ને પુનઃવ્યાખ્યાયિત કરવાથી માંડીને આંતરિક ઈન્ટિરિઅર્સ માટે સમકાલીન સોલ્યુશન્સ ઓફર કરવા સુધી, વિવાના ઉત્પાદનો તેમની અદ્યતન ટેકનોલોજી માટે જાણીતા છે, જેમાં ૪ કલર કોટિંગ જેવી ઉદ્યોગ-પ્રથમ નવીનતાઓનો સમાવેશ થાય છે. ૫૦૦ થી વધુ શેડ્સ ઓફર કરતી, Viva ACP આર્કિટેક્ટ્સ, ઈન્ટિરિયર ડિઝાઈનર્સ અને પ્રોજેક્ટ ડેવલપર્સમાં આજે ટોચની પસંદગી બની છે. તેની વૈવિધ્યતા ઈમારતોની બહાર વિસ્તરે છે, જે પરિવહન અને છૂટક જેવા ઉદ્યોગોમાં અસર કરે છે.

# ૨૨ અને ૨૩ ઓક્ટોબરની હાપા/જામનગર-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે

। અમદાવાદ, તા.૨૧ ।

ઉત્તર રેલ્વે માં સ્થિત જલંધર કેંટ સ્ટેશન પર ચાલી રહેલા સ્ટેશન રિડેવલપ મેન્ટ ના કામને કારણે ૨૨ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ હાપાથી ઉપડનારી ટ્રેન નંબર ૧૨૪૭૫ હાપા-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ અને ૨૩ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ જામનગરથી ઉપડનારી ટ્રેન નંબર ૧૨૪૭૭ જામનગર-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ વાયા લુધિયાણા-ફિલ્લૌર-નકોદર-લોહિયાન ખાસ-કપૂરથલા-જલંધર સિટી થઈને દોડશે. આ ટ્રેન જે સ્ટેશને નહીં જાય તેમાં જલંધર કેન્ટ નો સમાવેશ થાય છે. રેલ્વે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેનો ના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

# ઝાલોદ બસ સ્ટેશન ખાતે વ્યસન મુક્તિ અંગે ડ્રાઇવર કંડક્ટરને માર્ગ દર્શન આપવામાં આવ્યું

### બ્રહ્માકુમારીઝ મીતા દીદી દ્વારા વ્યસન મુક્તિ અંગે સુંદર સમજ આપવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

ઝાલોદ નગરના બસ સ્ટેશન ખાતે એસ.ટી ડેપો મેનેજરના નિદર્શન થી એક વ્યસન મુક્તિ કાર્યક્રમ બ્રહ્માકુમારીઝના મીતા દીદી દ્વારા રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં એ.ટી.આઈ રાજૂ ભાઈ સહિત તમામ એસ.ટીના કર્મચારીઓ તેમજ ડ્રાઈવર કંડક્ટર હાજર રહ્યા હતા. મીતા દીદી દ્વારા દરેક ડ્રાઈવર કંડક્ટર ને વ્યસન કરવાથી પરિવાર અને પોતાના જીવનને થતાં નુકશાન વિશે ઝીણવટ-ભરી માહિતી આપી હતી. મીતા દીદીએ વિશેષમાં સમજાવતા કહ્યું કે દરેક માનવી એ મન મક્કમ રાખવું જોઈએ, જ્યારે કોઈ પણ વ્યક્તિનું મનોબળ તૂટે ત્યારે તે વ્યસન કરવા પ્રેરાય છે અને ધીરે ધીરે તે વ્યક્તિ વ્યસનનો આદિ થતો જયારે છે અને જ્યારે માનવી વ્યસન કરતો થાય ત્યારે વ્યક્તિના જીવનની શારીરિક, માનસિક અને આર્થિક સ્થિતિ નબળી થતી જાય છે. બ્રહ્માકુમારીઝના મીતા દીદી દ્વારા ઉપસ્થિતદરેકવ્યક્તિઓનેવ્યસનનકરેતેમાટેપ્રતિજ્ઞા લેવડાવી હતી જેથી વ્યસન થકી થતી કેન્સર જેવી ગંભીર બીમારીઓ થી બચી શકાય.

# ઝાલોદ તાલુકાના નિમેવરોડ મુકામે બંધ મકાનમાં અજાણ્યા તસ્કરો દ્વારા ૪૪૮૦૦ ના મુદ્દામાલની ચોરી કરી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

ઝાલોદ તાલુકાના લીમડી પોલિસ સ્ટેશન વિસ્તારમાં આવતા નિમેવરોડ મુકામે રહેતા જયદીપ તિલક ડાંગીના બંધ મકાનમાં અજાણ્યા ચોરો પાછળના રસ્તે થી ઘરનું બારણુ ખોલી ઘરમાં દાખલ થયા હતા. અજાણ્યા તસ્કરોએ ઘરમાં રહેલ તિજોરી, ડ્રોવર ખોલી તેમાં મુકેલ બધો સામાન વેરવિખેર કરી નાખ્યો હતો. જયદીપ ભાઈને આ ઘટના અંગે તેમના પાડોશી દ્વારા તપાસ ઘરમાં કાઈક અવાજ આવે છે તેની માહિતી આપી હતી તેથી જયદીપભાઈ એ તેમના સંબંધીને કોલ કરતા સ્થળ પર આવીને જોતા ઘરમાં રહેલ સામાન વેરવિખેર પડેલ જોતા ઘરમાં ચોરી થઈ હોવાની શંકા વ્યક્ત કરી હતી.જયદીપભાઈ એ ઘરમાં તપાસ કરતા ચાંદીની રકમ અને રોકડ થઈ કુલ ૪૪૮૦૦ રૂપિયાના મુદ્દામાલની ચોરી થઈ હોવાની ફરિયાદ લીમડી પોલિસ સ્ટેશનમા લખાવી હતી. લીમડી પોલિસ દ્વારા અજાણ્યા ચોરો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# ભરૂચ નગરપાલિકા કક્ષાના સેવા સેતુમાં ૨૦૧૮ લોકોએ જન હિતકારી સેવાઓનો લાભ લીધો

### નગરપાલીકા પ્રમુખ સહિત અન્ય પદાધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિ

। (માહિતી) ગાંધીનગર, તા.૨૧ ।



ભરૂચ જિલ્લામાં રોટરી ક્લબ ઓફ ભરૂચ, સ્ટેશન રોડ ભરૂચ ખાતે ભરૂચ નગરપાલિકા કક્ષાના સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રોટરી ક્લબ ઓફ ભરૂચના ૫,૬,૭,૮,૧૧ વોર્ડ માટે નગરપાલિકાનો સેવા સેતુ કાર્યક્રમને સારો એવો પ્રતિસાદ મળ્યો હતો. જ્યાં ભરૂચ શહેરી વિસ્તારના ૨૦૧૮ જેટલા લોકોએ સેવા સેતુનો લાભ લીધો હતો. સેવા સેતુ થકી વહીવટી તંત્રની જરૂરી સેવાઓ લોકોના ઘર સુધી પહોંચે અને વધુને વધુ સેવાઓનો લોકો બહોળા પ્રમાણમાં લાભ લે તે ઉદ્દેશ્ય સાથે સરકારશ્રી દ્વારા સેવા સેતુ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. ત્યારે ભરૂચ જિલ્લામાં ભરૂચ નગરપાલિકા કક્ષાએ યોજાયેલા કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં લોકોએ ૪૦ જેટલી વિવિધ સેવાઓનો લાભ લીધો હતો. વહીવટી તંત્રના જિલ્લા તેમજ તાલુકા કક્ષાના અધિકારીઓની ઉપસ્થિતિમાં વહીવટી તંત્રના વિવિધ વિભાગના સ્ટોલ રાખવામાં આવ્યા હતા. જ્યાં અરજદારો દ્વારા કેશલેસ લિટરેસી માટે ૬૬૫, હેલ્થ વેલનેસ કાર્ડની સેવા માટે ૬૯૧, આવકના દાખલા માટે ૨૭૯, રાશન કાર્ડમાં સુધારા માટે ૭૦, આધારકાર્ડમાં સુધારા માટેની સેવા ૭૨, તેમ તેના જેવી અન્ય જુદા જુદા વિભાગોની રાશનકાર્ડમાં નામ કમી કરવા, રાશનકાર્ડમાં નામ દાખલ કરવા માટે, પીએમજેમાં અરજી, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, વ્યવસાય વેરા, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, નવું બેંક એકાઉન્ટ ખોલવા, નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના, દિવ્યાંગ બસ સ્ટેશન પાસ, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના, આધાર કાર્ડના બેંક એકાઉન્ટ સાથે જોડાણ, મોબાઈલ નંબર સાથે બેંક એકાઉન્ટના જોડાણ, જન ધન યોજના અન્વયે બેંક એકાઉન્ટ ખોલવા, વિધવા સહાય, જન્મ મરણ પ્રમાણપત્ર, કુવરબાઈનુ મામેરુ સહાય યોજના સહિત કુલ ૨૦૧૮ લોકોએ સેવા સેતુ હેઠળ વિવિધ ૪૦ જેટલી સેવાઓનો લાભ લીધો હતો. વહીવટી તંત્ર દ્વારા ઝડપી સેવા પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે તમામ ૨૦૧૮ અરજીઓનો ત્વરિત હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં નગરપાલીકા પ્રમુખ સહિત અન્ય પદાધિકારીઓની અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિતિ રહ્યા હતા.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાચેઝ આગામી ૨૮ ઓક્ટોબરે લેશે વડોદરા શહેરની મુલાકાત

। વડોદરા, તા.૨૧ ।



આગામી ૨૮ ઓક્ટોબરના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન શ્રી પેડ્રો સાચેઝ વડોદરા શહેરની મુલાકાતે આવી રહ્યા છે. બંને મહાનુભાવોના આગમનને ધ્યાનમાં લઈને વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. વડોદરા મહા નગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગો, ડિવાઈડરો, ફૂટપાથ અને જાહેર સ્થળોની સાફસફાઈ કરવામાં આવી રહી છે, તેમજ રોડ-રસ્તાઓના સમારકામની કામગીરી પણ તેજ ગતિએ ચાલી રહી છે. શહેરના જાહેર માર્ગોને શોભાયમાન બનાવવા માટે રંગરોગાન અને વૃક્ષારોપણ જેવા કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. હાલમાં આવેલી પૂરની આપદા બાદ શહેરના મુખ્ય વિસ્તારોમાં થયેલાં નુકસાનને ઠીક કરવામાં વડોદરા મહાનગર પાલિકાનું તંત્ર દિવસ-રાત મહેનત કરી રહ્યું છે. ખાસ કરીને પૂરના કારણે રસ્તા પર પડેલા ભૂવા અને ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું સમારકામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવી રહ્યું છે. વડોદરા શહેરની આગવી ઓળખ એવી એમ. એસ. યુનિવર્સિટી, કીર્તિ મંદિર, ન્યાય મંદિર અને લક્ષ્મીવિલાસ પેલેસને આકર્ષક અને વિશિષ્ટ લાઈટિંગથી સજાવવામાં આવ્યા છે અને સાથે ત્યાં રંગરોગાન પણ કરવામાં આવી રહ્યું છે. આ સાથે વડોદરા શહેરના મુખ્ય માર્ગોની બંને બાજુની દીવાલો પર દોરવામાં આવેલા ગ્રેફિટી ચિત્રો આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી વડોદરા ખાતે મહત્વાકાંક્ષી એરબસ પ્રોજેક્ટ-નું લોકાર્પણ કરવા જઈ રહ્યા છે. આ એક 'મેક ઈન ઈન્ડિયા' પ્રોજેક્ટ છે, જે સ્વદેશી વિમાનોના ઉત્પાદનને પ્રોત્સાહન આપશે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાનશ્રીએ બે વર્ષ પહેલા, ૩૦ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ વડોદરા ખાતે આ પ્રોજેક્ટ-નો શિલાન્યાસ કર્યો હતો, અને આજે બરાબર બે વર્ષ પછી તેઓ આ પ્રોજેક્ટનું લોકાર્પણ કરી રહ્યા છે. આ બાબત તેમના એ વાક્યને ફરી એકવાર પ્રતિબિંબિત કરે છે, તેમના નેતૃત્વ હેઠળની સરકાર જે પ્રોજેક્ટનો શિલાન્યાસ કરે છે, તેનું લોકાર્પણ પણ કરે છે. વડોદરા ખાતેનો ટાટા એરબસ પ્રોજેક્ટ ભારતીય વાયુસેના માટે પરિવહન વિમાનોનું ઉત્પાદન કરશે અને સંરક્ષણ ક્ષેત્રે નવી ઉડાનનુ નિમિત્ત બનશે.

### અમદાવાદમાં પૂણે ગેસ એક્સપિરિયન્સ સેન્ટરનું ભવ્ય શરૂઆત

# ગુજરાતના HoReCa ઇન્ડસ્ટ્રીઝ અને વાણિજ્યિક ગેસના વપરાશકારોમાંના નવું ક્રાંતિનું સર્જન



। અમદાવાદ, તા.૨૧ ।

પુણે ગેસ દ્વારા અમદાવાદમાં ગુજરાતનું પ્રથમ વિશિષ્ટ એલપીજી અને કુદરતી ગેસ સિસ્ટમ્સ એક્સપિરિયન્સ સેન્ટર, "પુણે ગેસ એક્સપિરિયન્સ સેન્ટર" – અમદાવાદ શરૂ કરવામાં આવ્યું છે. આ પ્રસંગના મુખ્ય અતિથિ શ્રી.જગદીશ વિશ્વકર્મા - રાજ્ય મંત્રી, સહકાર, મીઠું ઉદ્યોગ, પ્રિન્ટિંગ અને સ્ટેશનરી, પ્રોટોકોલ (સ્વતંત્ર ચાર્જ), સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ, કુટીર, ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ, નાગરિક ઉડ્ડયન, (રાજ્ય મંત્રી) ગુજરાત સરકાર હતા અને સાથે સાથે શ્રી. જેસલ સંપત (એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, પુણે ગેસ), શ્રી ભાવેન ઉદેશી (ડિરેક્ટર - સેલ્સ એન્ડ માર્કેટિંગ, પુણે ગેસ) અને શ્રી પ્રતિક પટેલ (ફ્રેન્ચાઈઝ ઓનર, અમદાવાદ, પુણે ગેસ).ની હાજરીમાં આ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ભારતમાં પુણે ગેસનું આ ત્રીજું અનુભવ કેન્દ્ર હોવાથી, એ કંપની માટે વિસ્તરણના તબક્કાને ચિહ્નિત કરે છે, જે કંપની પહેલે થી જ વાણિજ્યિક અને ઔદ્યોગિક ગેસ સિસ્ટમ્સ અને સોલ્યુશન્સ સ્પેસમાં અગ્રણી સ્થાન ધરાવે છે. ગુજરાત જેવા ઔદ્યોગિક અને ઉદ્યોગ સાહસિક રાજ્યમાં ઝડપથી વિકસતા હોસ્પિટાલિટી અને વાણિજ્યિક ક્ષેત્રોની ચોક્કસ જરૂરિયાતોને પહોંચી વળવા માટે રચાયેલ,આ એક્સપિરિયન્સ સેન્ટર ગેસ સિસ્ટમ્સ ટેક્નોલોજીમાં નવીનતમ એડવાન્સમેન્ટ્સ પર પ્રથમ નજર આપશે. ઉત્સવની સીઝનની શરૂઆતમાં જ આ સેન્ટરને લોન્ચ કરવામાં આવ્યું છે, જે થી વ્યવસાયો માટે તેઓ કેવી રીતે કામગીરી વધારી શકે છે અને ઈંધણ વપરાશને શ્રેષ્ઠ બનાવી શકે છે તે શોધવાનો યોગ્ય સમય મળી શકે.

# ડાંગ જિલ્લા નહેરુ યુવા કેન્દ્ર દ્વારા નશાબંધી જાગૃતિ અંગે કાર્યક્રમ યોજાયો


। (માહિતી) ડાંગ, તા.૨૧ ।



ડાંગ જિલ્લા નેહરુ યુવા કેન્દ્ર તેમજ ડાંગ જિલ્લા પોલીસ વિભાગના સંયુક્ત ઉપક્રમે આહવાના સેવાધામ ખાતે નશાબંધીનો કાર્યક્રમ યોજાવામાં આવ્યો હતો. તારીખ ૧૯ મી ઓક્ટોબરના રોજ સેવાધામ આહવામાં રહેતા વિધ્યાર્થીઓને નશાબંધી અને માદક દ્રવ્યોથી થતાં નુકશાન અંગે જાગૃતિ માટેનો શિક્ષણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નશાબંધી નિયોજક શ્રી રાકેશ પવારે નશાના ઉપયોગથી શરીરમાં થતી હાનિકારક અસરો વિશે માહિતી આપી હતી. નશાના કારણે શારીરિક, માનસિક અને સામાજિક પરિણામોનો સમાવેશ થાય છે તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ યુવાનોએ પોતાની તંદુરસ્ત જીવનશૈલી રાખવા માટે રમતગમત, કળા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સામુદાયિક સેવાઓ જેવી સકારાત્મક પ્રવૃત્તિઓમાં જોડાવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા. આહવા પોલીસ વિભાગ તરફ થી શ્રી ગિતેશ ભોયેએ પણ યુવાનોને નશાના વ્યસન નિવારણ અંગે મહત્વપૂર્ણ જાણકારી આપી હતી. કાર્યક્રમના અંતે યુવાઓને તમાકુ મુક્ત પેઢી તરફ લઈ જવાં તેમજ તંદુરસ્ત અને ઉજળા ભવિષ્ય માટે નશામુક્ત સમાજનું નિર્માણ કરવા પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

# આંબરડી ગામે વીજળી પડતાં માર્યા ગયેલાઓને મોરારિબાપુની શ્રદ્ધાંજલિ અને સહાય

। અમદાવાદ, તા.૨૧ ।



ગઈકાલે અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના આંબરડી ગામે વીજળી પડતાં પ્રાપ્ત માહિતી અનુસાર પાંચ લોકોનાં મોત નિપજયા છે. આંબરડી ગામે રહેતા એક પરિવારના બાળકો તેમજ બે મહિલાઓ સહિત કુલ મળી ૮- લોકો સીમમાં કપાસ વીણવા ગયા હતા. ભારે વરસાદને પગલે વિજળી પડતાં બાળકો તેમજ બે મહિલાઓ સહિત કુલ મળી ને પાંચ લોકોનાં સ્થળ પર જ કરુણ મોત નિપજયા હતા. અન્ય ઘાયલોને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

પૂજ્ય મોરારિબાપુએ તમામ મૃતકોના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા ૧૫,૦૦૦ લેખે કુલ મળી ને રૂપિયા ૭૫, ૦૦૦ની સહાયતા રાશી અર્પણ કરી છે. પૂજ્ય મોરારિબાપુએ તમામ મૃતકોને શ્રધ્ધાંજલિ આપી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. પ્રેમ જીવનમાં સારો વળાંક આવશે કેમ કે તમે સારો સંબંધ વિકસાવશો. આ રાશિ ના જાતકો ને કાર્યક્ષેત્ર માં જરૂર થી વધારે બોલવા થી બચવું જોઈએ.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. તમને એકલવાયું લાગે ત્યારે તમારા પરિવારની મદદ લો. એ તમને હતાશાથી બચાવશે. વળી, એ તમને સમજદારીભર્યા નિર્ણયો લેવામાં પણ મદદ કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. પ્રિયપાત્ર સાથે બહાર જવાનો પ્રૉગ્રામ નિષ્ફળ જવાની શક્યતા છે. તમારી સખત મહેનત તથા સમપર્પણ તમારા વિશે ઘણું બધું કહી જશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. કમિશન, ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો. રૉમાન્સને આજે ઓછું મહત્વ મળે એવું લાગે છે કેમ કે તમારૂં પ્રિયપાત્ર ખૂબ જ વધારે પડતી માગ કરી રહ્યું હોય એવું લાગે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. દૂરનાં કોઈ સગાં તરફથી લાબા સમયથી તમને જે સંદેશની અપેક્ષા હતી તે આવશે અને તેમાં આખા પરિવાર અને ખાસ કરીને તમારી માટે સારા સમાચાર હશે. પ્રેમ એ ઈન્દ્રિઓની મર્યાદા બહારની બાબત છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આજે તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે? તમારી પત્નીની સિદ્ધિને બિરદાવો અને તેની સફળતા અને સારા ભાગ્યનો આનંદ માણો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. અણધાર્યો રૉમેન્ટિક ઝુકાવ સાંજના સમયે તમારા મગજને ઘેરી વળશે. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો. તમે પ્રથમ નજરે જ પ્રેમમાં પડો એવી શક્યતા છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ સુધારવા માટે ગંભીર પ્રયાસ હાથ ધરો. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે તથા ટીકાઓ પણ સર્જાઈ શકે છે. વ્યસ્ત રસ્તા પર તમે અનુભવશો કે તમે સૌથી નસીબદાર છો, કેમ કે તમારું પ્રિયપાત્ર સૌથી શ્રેષ્ઠ છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે વધુ પડતી ચિંતા માનસિક શાંતિને ખલેલ પહોંચાડી શકે છે. તેને ટાળો કેમ કે બેચેની ભય તથા ચિંતાનો દરેક કણ તમારા મગજ પર વિપરિત અસર કરી શકે છે. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો? તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો.

## ન્યૂઝ બ્રિફ

### UNSCમાં ભારતને કાયમી સભ્યપદ મળવું જોઈએ

। (એજન્સી) મોસ્કો, તા.૨૧ ।

રશિયન વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે કહ્યું કે રશિયાનું માનવું છે કે ભારત, બ્રાઝિલ અને આફ્રિકી દેશોને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સ્થાયી પ્રતિનિધિત્વ મળવું જોઈએ. 'ભારત, બ્રાઝિલની સાથે-સાથે આફ્રિકી દેશોને ઘણા સમય પહેલા સુરક્ષા પરિષદમાં સ્થાયી પ્રતિનિધિત્વ મળવું જોઈતું હતુ. આ દેશોમાં દુનિયાની મોટી વસતી રહે છે, જેનું પ્રતિનિધિત્વ નક્કી કરવું જરૂરી છે. ભારત સુરક્ષા પરિષદના સ્થાયી અને અસ્થાયી સભ્યોની સંખ્યા વધારવા સહિત વિભિન્ન સુધારા માટે વર્ષોથી કરવામાં આવી રહેલા પ્રયત્નોમાં સૌથી આગળ રહ્યું છે. ભારતનું કહેવું છે કે ૧૯૪૫માં સ્થાપિત ૧૫ દેશોની સુરક્ષા પરિષદ ૨૧ મી સદીના હેતુ માટે યોગ્ય નથી અને સમકાલીન ભૂ-રાજકીય વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરતી નથી. ભારતનું કહેવું છે કે તે પણ સુરક્ષા પરિષદનું સ્થાયી સભ્ય બનવાનું હકદાર છે. ગયા મહિને, બ્રિટનના વડાપ્રધાન કીઅર સ્ટાર્મર, અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન અને ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ એટલે કે યુએનએસસીમાં સ્થાયી સદસ્યતાના ભારતના દાવાનું સમર્થન કર્યું હતું.

### છેલ્લા એક દાયકામાં સ્થાનિક હવાઈ મુસાફરોની સંખ્યા બમણી થઈ ગઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ઉડાન (ઉડે દેશ કા આમ નાગરિક) યોજનાના આઠ વર્ષ પૂર્ણ થયા છે. આ યોજનાથી દેશના ઉડ્ડયન ક્ષેત્રમાં મોટો બદલાવ આવ્યો છે. ઉડાનની સફળતા અંગે મળતી માહિતી મુજબ, છેલ્લા એક દાયકામાં સ્થાનિક હવાઈ મુસાફરોની સંખ્યા બમણી થઈ ગઈ છે. આ સિવાય દેશમાં એરપોર્ટની સંખ્યા પણ વધીને ૧૫૭ થઈ ગઈ છે. ૨૦૧૪માં દેશમાં ૭૪ એરપોર્ટ હતા. કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર, ૨૦૪૭ સુધીમાં એરપોર્ટની સંખ્યા વધારીને ૪૦૦ જેટલી કરવાની છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલય એ કહ્યું કે 'UDAN' યોજનાનો ઉદ્દેશ્ય પ્રાદેશિક હવાઈ જોડાણ વધારવાનો છે. જ્યારે, તેને એટલું આર્થિક બનાવવું પડશે કે જેના કારણે નાના શહેરોના લોકો પણ સરળતાથી હવાઈ મુસાફરી કરી શકે. તેમજ એવી જગ્યાઓ પર હવાઈ સેવાઓ ઉપલબ્ધ કરાવવી પડશે જ્યાં ફ્લાઈટ સેવાઓ ઓછી હોય અથવા બિલકુલ ઉપલબ્ધ ન હોય. મંત્રાલયે કહ્યું કે UDAN યોજનાએ આ આઠ વર્ષમાં હવાઈ મુસાફરીને સંપૂર્ણપણે બદલી નાખી છે. જેના કારણે ટાયર ૨ અને ટાયર ૩ કક્ષાના શહેરોના નાગરિકોનું હવાઈ મુસાફરીનું સપનું સાકાર થઈ રહ્યું છે. એટલું જ નહીં, હવાઈ મુસાફરી સિવાય, આ યોજનાએ ઉડ્ડયન ક્ષેત્ર સાથે સંબંધિત વ્યવસાયને પણ પ્રોત્સાહન આપ્યું છે, જેમાં પ્રાદેશિક એરલાઈન્સને ઘણો ફાયદો થયો છે. તેમણે એક ટકાઉ બિઝનેસ મોડલ વિકસાવ્યું અને પ્રાદેશિક હવાઈ મુસાફરી ઈકોસિસ્ટમ બનાવવામાં મોટો ફાળો આપ્યો. ઉડાન યોજના હેઠળ પ્રથમ ફ્લાઈટ ૨૭ એપ્રિલ ૨૦૧૭ ના રોજ શિમલા અને દિલ્હી વચ્ચે શરૂ થઈ હતી.

**લદાખ સરહદ વિવાદમાં મોટું અપડેટ**

# એલએસી પર પેટ્રોલિંગ કરવા મુદ્દે ભારત-ચીન વચ્ચે મહત્ત્વનો કરાર

## ભારત અને ચીન વચ્ચે લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ પર પેટ્રોલિંગ કરવા મામલે સમજૂતી કરાર થયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।



ભારત અને ચીન વચ્ચે LAC ને લઈને ચાલી રહેલા વિવાદના મામલે મોટું પગલું લેવામાં આવ્યું છે. વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ જાહેરાત કરી કે ભારત અને ચીન બંને દેશોના અધિકારીઓ વચ્ચે તાજેતરમાં થયેલી વાતચીત બાદ વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર પેટ્રોલિંગ વ્યવસ્થા પર એક સમજૂતી પર પહોંચ્યા છે. LAC પર પેટ્રોલિંગની સમજૂતી અંગે વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ કહ્યું, "છેલ્લા કેટલાક અઠવાડિયાઓમાં થયેલી ચર્ચાઓના પરિણામે ભારત ચીન સરહદ વિસ્તારમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર પેટ્રોલિંગ વ્યવસ્થા પર સહમતિ બની છે અને આનાથી ૨૦૨૦માં આ વિસ્તારોમાં ઉદ્ભવેલા મુદ્દાઓનું સમાધાન થઈ રહ્યું છે." તેમણે કહ્યું, "અમે ચીન સાથે ચર્ચા કરાઈ રહેલા મુદ્દાઓ પર એક સમજૂતી પર પહોંચ્યા છીએ." આ ઘટનાક્રમથી સરહદ પર આખરે સૈનિકોના પીછેહઠની આશા છે. વિદેશ સચિવે કહ્યું કે સરહદ પર બાકી રહેલા મુદ્દાઓને સુલઝાવવા માટે ભારતીય અને ચીની વાર્તાકારો છેલ્લા કેટલાક અઠવાડિયાથી સંપર્કમાં છે. કહેવાય છે કે આ સમજૂતી ડેપસાંગ અને ડેમચોક વિસ્તારોમાં પેટ્રોલિંગ વ્યવસ્થા સાથે સંબંધિત છે. પૂર્વી લદાખ સરહદ પર ૨૦૨૦માં થયેલી અથડામણ બાદથી બંને પડોશીઓ વચ્ચે સંબંધો તણાવપૂર્ણ છે, જેના પરિણામે ૨૦ ભારતીય સૈનિકો શહીદ થયા અને અજ્ઞાત સંખ્યામાં ચીની સૈનિકો પણ માર્યા ગયા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા રશિયાના કઝાન જઈ રહ્યા છે. તેમની નિર્ધારિત મુલાકાતના એક દિવસ પહેલા આ પગલાને ખૂબ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે કારણ કે અટકળો લગાવવામાં આવી રહી છે કે PM મોદી અને ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ શિખર સંમેલન દરમિયાન દ્વિપક્ષીય બેઠક કરી શકે છે. જોકે આની કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. પ્રથમ દિવસે બ્રિક્સ નેતાઓ માટે રાત્રિભોજનનું આયોજન કરવામાં આવશે. ૨૩ ઓક્ટોબરે બે મુખ્ય સત્રો થશે. સવારના સત્ર પછી, સમિટના મુખ્ય વિષય પર બપોરે ખુલ્લું સત્ર થશે. આ સત્રમાં BRICS નેતાઓ પણ કાઝાન ઘોષણા સ્વીકારે તેવી અપેક્ષા છે.

**ન્યૂઝીલેન્ડ સામે બદલો લેશે ટીમ ઈન્ડિયા!**

# પૂણેની પિચ પર વિરાટ કોહલી અને અશ્વિનનો હશે મહત્ત્વપૂર્ણ રોલ

## ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે 3 મેચની ટેસ્ટ સીરિઝની બીજી મેચ ૨૪ ઓક્ટોબર પુણેના MCA સ્ટેડીયમમાં રમવામાં આવશે

। (એજન્સી) પુણે, તા.૨૧ ।

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ૩ મેચની ટેસ્ટ સીરિઝની બીજી મેચ ૨૪ ઓક્ટોબર પુણેના MCA સ્ટેડીયમમાં રમાશે. ન્યૂઝીલેન્ડની ટીમ ૩ મેચની ટેસ્ટ સીરિઝમાં ૧-૦થી આગળ ચાલી રહી છે. ભારતને હવે સીરિઝમાં પુનરાગમન કરવા માટે બીજી ટેસ્ટમાં કોઈપણ રીતે જીતવું જ પડશે. પુણેના MCA સ્ટેડીયમને લઈને ચાહકોમાં ઉત્સુકતા છે કે, આ પીચ પર સ્પીન બોલર કે પછી બેટરને વધુ ફાયદો થશે. પીચને લઈને અત્યારે જે અપડેટ મળી રહી છે તે અનુસાર ભારતીય સ્પીનર અશ્વિન અને બેટર વિરાટ કોહલી ખૂશ થઈ શકે છે. પુણેના MCA સ્ટેડીયમની પીચ પર ઝડપી બોલરોને વધુ મદદ મળે તેવી શક્યતા નથી. પુણેની પીચની પ્રકૃતિ એવી છે કે અહીં ઉછાળ અને ગતિ સામાન્ય રહે છે. આ સ્થિતિમાં બોલ સરળતાથી બેટમાં આવે છે. બેટરને અહીં શોટ મારવામાં કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં. આ સિવાય સ્પિન બોલરોને પણ અહીં ઘણી મદદ મળી શકે છે. અહીંની પીચ બનાવવામાં કાળી માટીનો ઉપયોગ કરવામાં આવે છે. અહીંની પીચ ટેસ્ટ મેચના પહેલા બે દિવસ બેટિંગ માટે ઘણી મદદરૂપ થશે. જે પણ ટીમ ટોસ જીતશે તે પહેલા બેટિંગ કરવા માંગશે. પહેલા બે દિવસ પુણેની પીચ પર સારો સ્કોર કરી શકાય છે. ત્રીજા દિવસથી સ્પિન બોલરોને અહીંથી મદદ મળવાનું શરુ થઈ શેક છે. પુણેની ટેસ્ટમાં વિરાટ કોહલી અને રવિચંદ્રન અશ્વિનની મોટી ભૂમિકા હશે. આ સ્ટેડિયમમાં અત્યાર સુધીમાં માત્ર બે ટેસ્ટ મેચનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતે અહીં ૨૩-૨૫ ફેબ્રુઆરી ૨૦૧૭ દરમિયાન ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ મેચ રમી હતી. આ મેચમાં કાંગારૂ ટીમે ભારતને ૩૩૩ રનથી હરાવ્યું હતું. આ પછી ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ૧૦ થી ૧૩ ઓક્ટોબર ૨૦૧૯ દરમિયાન અહીં બીજી ટેસ્ટ મેચ રમાઈ હતી.

**અમેરિકામાં પણ EVMનો વિરોધ**


# એલેન મસ્કે કહ્યું- વોટિંગ મશીન પર પણ વિશ્વાસ નથી

। (એજન્સી) વોશિગ્ટન, તા.૨૧ ।

અમેરિકાના ઉદ્યોગપતિ એલન મસ્કે ફરી એક વખત ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન પર સવાલ ઉઠાવ્યા છે. એલન મસ્કે કહ્યું કે વોટિંગ મશીનથી ચૂંટણીમાં ગડબડ થાય છે. મસ્કે બેલેટ પેપરથી ચૂંટણી કરાવવાની માંગ કરી છે. એલન મસ્કનું કહેવું છે કે, હું ખુદ ટેકનિક સાથ જોડાયેલો છું. આ કારણ છે કે કોમ્પ્યુટર પ્રોગ્રામ પર વધુ વિશ્વાસ નથી કરી શકતો, તેને હેક કરવું આસાન છે.વિશ્વના સૌથી અમીર ઉદ્યોગપતિ એલન મસ્કે પેન્સિલવેનિયાના એક ટાઉન હોલમાં વોટિંગ મશીનની વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવ્યા હતા. એલન મસ્કે ડોમિનિયન કંપનીની વોટિંગ મશીનોને ફિલાડેલ્ફિયા અને એરિઝોનામાં રિપબ્લિકનની હાર સાથે જોડી હતી.એલન મસ્કે કહ્યું કે ડોમિનિયન વોટિંગ મશીનોનો ઉપયોગ ફિલાડેલ્ફિયા અને મેરિકોપા કાઉન્ટીમાં કરવામાં આવે છે પણ ઘણી અન્ય જગ્યાએ કરવામાં આવતો નથી. શું આ એક સંયોગની જેમ નથી લાગતું? એલન મસ્કે કહ્યુ કે દેશભરમાં બેલેટ પેપરથી ચૂંટણી યોજાવી જોઈએ. બેલેટ પેપરની મતગણતરી પણ હાથથી થવી જોઈએ.એલન મસ્કે જે ડોમિનિયન કંપનીની વોટિંગ મશીનનો ઉલ્લેખ કર્યો છે તેના પર ગત વર્ષે ફૉક્સ ન્યૂઝે મતની હેરાફેરીનો આરોપ લગાવ્યો હતો. જોકે, બાદમાં ન્યૂઝ ચેનલ પર કંપનીએ માનહાનિનો કેસ કર્યો હતો અન ૭૮૭ મિલિયન અમેરિકન ડૉલરની સમજૂતિ બાદ કેસને બંધ કરવો પડ્યો હતો. એલન મસ્કના નિવેદન બાદ ડોમિનિયનના પ્રવક્તાએ જવાબ આપ્યો છે.

**મદરેસાઓ બંધ કરવાનું કહ્યું નથી : NCPCR**

# સરકારી નાણાં-સહાયો પર ચાલતી મદરેસાઓ બંધ કરવાની ભલામણ સુપ્રીમ કોર્ટે ફગાવી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

સુપ્રીમ કોર્ટે નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સ(NCPCR)ની મદરેસાઓ બંધ કરવાની ભલામણ પર સ્ટે લાદ્યો છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે NCPCRની ભલામણ પર કાર્યવાહી કરવાનો ઈનકાર કરી દીધો હતો. આ સાથે સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નોટિસ પાઠવી છે. ચાર સપ્તાહ બાદ ફરી સુનાવણી હાથ ધરાશે. સુપ્રીમ કોર્ટે યુપી સરકારના માન્યતા વિનાના મદરેસાના વિદ્યાર્થીઓને સરકારી શાળાઓમાં ટ્રાન્સફર કરવાના નિર્ણય પર પણ રોક લગાવી દીધી છે. ઉલ્લેખનીય છે, નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સ (NCPCR) એ શિક્ષણ અધિકાર કાયદાનું પાલન ન કરવા બદલ સરકારી ભંડોળ અને સહાયોના આધારે ચાલતી મદરેસાઓને બંધ કરવાની ભલામણ કરી હતી. નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સે, તેના તાજેતરના અહેવાલમાં, મદરેસાઓની કામગીરી પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી અને જ્યાં સુધી તેઓ શિક્ષણ અધિકાર કાયદાનું પાલન ન કરે ત્યાં સુધી સરકાર દ્વારા તેમને આપવામાં આવતા ભંડોળ અટકાવવા અપીલ કરી હતી. NCPCR એ RTE ઍક્ટ, ૨૦૦૯ મુજબ મૂળભૂત શિક્ષણ મેળવવા માટે તમામ બિન-મુસ્લિમ બાળકોને મદરેસાઓમાંથી દૂર કરી તેમને સામાન્ય શાળાઓમાં દાખલ કરવાની ભલામણ કરાઈ હતી. નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સે કહ્યું હતું કે મુસ્લિમ સમુદાયના બાળકો જે મદરેસાઓમાં અભ્યાસ કરી રહ્યા છે, પછી ભલે તે માન્ય હોય કે ગેરમાન્ય, તેમને પણ સામાન્ય શાળાઓમાં દાખલ કરવામાં આવે અને RTE ઍક્ટ 2009 મુજબ નિયત સમય અને અભ્યાસક્રમમાં શિક્ષણ આપવામાં આવે. કમિશને કહ્યું કે ગરીબ મુસ્લિમ બાળકો પર વારંવાર બિનસાંપ્રદાયિક શિક્ષણને બદલે ધાર્મિક શિક્ષણ મેળવવા માટે દબાણ કરવામાં આવે છે. NCPCRએ કહ્યું કે જેમ સમૃદ્ધ પરિવારો ધાર્મિક અને નિયમિત શિક્ષણ મેળવે છે, તેમ ગરીબ બાળકોને પણ આ શિક્ષણ આપવું જોઈએ. અમે ઈચ્છીએ છીએ કે દરેકને સમાન શૈક્ષણિક તકો પૂરી પાડવામાં આવે. નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સના અધ્યક્ષ પ્રિયાંક કાનુન્ગોએ જણાવ્યું હતું કે, તેમણે ક્યારેય મદરેસાઓને બંધ કરવા માટે કહ્યું નથી.

# કેનેડિયન હાઈ કમિશનરે જતા જતા ઝેર ઓક્યું!

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

કેનેડાના હાઈ કમિશનર કેમેરોન મેકીએ ભારત પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેણે કહ્યું છે કે ભારતે અમેરિકા અને કેનેડામાં એક સાથે અનેક લોકોને નિશાન બનાવ્યા હતા. આ તેમના એક કાવતરાનો ભાગ હતો. કેનેડિયન હાઈ કમિશનર કેમેરોન મેકેએ ઓગસ્ટમાં તેમનો કાર્યકાળ પૂરો કરીને ભારત છોડી દીધું હતું.અમેરિકાએ ભૂતપૂર્વ ભારતીય અધિકારી પર ન્યૂયોર્ક સ્થિત ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો છે. જ્યારે કેનેડાએ પણ ભારત સરકાર પર હરદીપ સિંહ નિજ્જરની હત્યાનો આરોપ લગાવ્યો છે. ઓગસ્ટમાં ભારત છોડનાર મેકીએ કહ્યું, "ભારત સરકાર વિચારે છે કે તેના એજન્ટો કેનેડા અને અમેરિકામાં હિંસા કરીને ભાગી શકે છે." તેને ભારત સરકારની એક મોટી વ્યૂહાત્મક ભૂલ ગણાવતા, મેકકેએ કહ્યું, "ભારત સરકારની વિચારસરણી કે તેના એજન્ટો ઉત્તર અમેરિકામાં હિંસક ગુનાઓ કરી શકે છે અને તેમાંથી છટકી શકે છે. મને લાગે છે કે આ લોકો કંઈકને કારણે પકડાયા છે.

# યાહ્યા સિનવારના ઓટોપ્સી રિપોર્ટમાં ચોંકાવનારા ખુલાસા

## ઇઝરાયલી સૈનિકોએ યાહ્યા સિનવારના મૃત્યુની પુષ્ટિ કરવા માટે તેની આંગળીઓ કાપી નાખી હતી

। (એજન્સી) હમાસ, તા.૨૧ ।

હમાસના ખતરનાક વડા યાહ્યા સિનવારનું અવસાન થયું છે.ઈઝરાયેલ દ્વારા ગાઝામાં ઈન્ટેલિજન્સ ગ્રાઉન્ડ એટેકમાં તેનું મોત થયું હતું. સિનવાર હમાસના પોલિટબ્યુરોના ચીફ હતા. ઈઝરાયેલી ગ્રાઉન્ડ ફોર્સીસની ૮૨૮ બ્રિગેડ, રફાહને અલ-સુલતાન વિસ્તારમાં સ્કેન દરમિયાન સિનવારનો મૃતદેહ મળ્યો હતો. સીએનએન અનુસાર, ઈઝરાયલી સૈનિકોએ તેના મૃત્યુની પુષ્ટિ કરવા માટે તેની આંગળીઓ કાપી નાખી હતી.રિપોર્ટ અનુસાર, ઈઝરાયલી સૈનિકો ઠેકાણામાં ઘૂસ્યા કે તરત જ તેમને યાહ્યા સિનવારના જેવી એક લાશ મળી. તેઓએ ડીએનએ પરીક્ષણ માટે તેની આંગળી કાપી નાખી. સિનવાર ૨૦૧૧ માં જેલમાંથી છૂટયો હતો, ત્યાં સુધી તે ઈઝરાયેલની જેલમાં કેદ હતો. તેણે લગભગ બે દાયકા જેલમાં વિતાવ્યા. આ કારણોસર, ઈઝરાયલી સૈનિકો પાસે તેની પ્રોફાઈલ હતી, જેણે ડીએનએ પરીક્ષણને સરળ બનાવ્યું હતું. ઈઝરાયલ નેશનલ સેન્ટર ઑફ ફોરેન્સિક મેડિસિનના મુખ્ય પેથોલોજિસ્ટ ચેન કુગેલને ટાંકીને જણાવ્યું હતું કે, "લેબોરેટરી પ્રોફાઈલ બનાવ્યા પછી, સિનવાર જેલમાં હતો ત્યારે લીધેલી પ્રોફાઈલ સાથે તેની સરખામણી કરી હતી. આખરે તેની ઓળખ ડીએનએ દ્વારા થઈ હતી. ઈઝરાયેલના સૈનિકોએ પહેલા સિન્વારને તેના દાંતથી ઓળખવાનો પ્રયાસ કર્યો પરંતુ કંઈપણ સાફ કરી શક્યા નહીં. ઈઝરાયલી સૈનિકો તેમના ઠેકાણાઓ શોધી રહ્યા હોવાના વીડિયો સામે આવ્યા છે. એક વીડિયોમાં બે ઈઝરાયલી સૈનિકો એક મૃતદેહ પાસે ઉભા જોવા મળે છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે આ લાશ યાહ્યા સિનવારની છે. તેના ડાબા હાથની એક આંગળી કાપી નાંખવામાં આવી છે.અહેવાલ મુજબ, તેઓએ એવા વીડિયોનું પણ વિશ્લેષણ કર્યુ જેમાં મૃત શરીરના ડાબા હાથની પાંચેય આંગળીઓ દેખાતી હતી. બાદમાં એક આંગળી ગાયબ જોવા મળી હતી.યાહ્યા સિનવારના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવનાર મુખ્ય નિષ્ણાતે જણાવ્યું કે સિનવારનું મોત માથામાં ગોળી વાગવાથી થયું હતું. તેમણે કહ્યું કે તેને ટેન્કના ગોળા સહિત અન્ય ઈજાઓ પણ થઈ હતી.

**વિશેષ**

**અમદાવાદ ખાતે શોર્ટફેસ્ટ એવોર્ડમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિ**

# વિકસિત ગુજરાત થકી, વિકસિત ભારતના નિર્માણ માટે ગુજરાતની ભવ્ય સંસ્કૃતિ અને વિરાસતને ઉજાગર કરતી ફિલ્મોનું નિર્માણ થવું જોઈએ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

। (માહિતી) ગાંધીનગર ।



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સપ્તરંગ ફિલ્મ સોસાયટી દ્વારા આયોજિત શોર્ટ ફેસ્ટ એવોર્ડ વિતરણ સમારોહમાં ગુજરાતી ફિલ્મનિર્માતાઓ, કલાકારો અને કસબીઓને ગુજરાતની ભવ્ય સંસ્કૃતિ અને વિરાસતને વિશ્વ સમક્ષ ઉજાગર કરતી ફિલ્મોનું નિર્માણ કરવા આહ્વાન કરતા જણાવ્યું હતું કે ગુજરાત એ કલા, કથા અને સંસ્કૃતિની ભૂમિ છે અને લોક સંસ્કૃતિને જિવંત રાખવાનું કામ ફિલ્મો કરે છે, ત્યારે આ પ્રકારના આયોજનો વિવિધ સંસ્કૃતિઓના સમન્વયમાં સેતુરૂપ ભૂમિકા ભજવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી ખાતે સપ્તરંગ ફિલ્મ સોસાયટી દ્વારા આયોજિત શોર્ટ ફેસ્ટ એવોર્ડ વિતરણ સમારોહમાં ઉપસ્થિત રહીને શોર્ટ ફિલ્મની વિવિધ શ્રેણીઓમાં વિજેતા પ્રતિભાશાળી કલાકારો અને કસબીઓને પુરસ્કૃત કરી અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળથી કરવામાં આવેલા પ્રયાસોના પરિણામે આજે ગુજરાતનો ફિલ્મ ઉદ્યોગ સતત વિકાસ કરી રહ્યો છે. તેમણે ઉમેર્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુજરાત વિકસિત રાજ્ય બનવાની સાથે સમગ્ર દેશમાં વિકાસનું રોલમોડલ બન્યું છે. વર્ષ ૨૦૦૧માં શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતની ધૂરા સંભાળ્યા બાદ ગુજરાતે સતત વિકાસનાં નવાં સીમાચિહ્નો પ્રસ્થાપિત કર્યાં છે. જેનાં ૨૩ વર્ષની ઉજવણી આપણે સૌ કરી રહ્યા છીએ. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આજે 'વિકાસ એટલે ગુજરાત' અને 'ગુજરાત એટલે વિકાસ' એ શબ્દો એકબીજાના પર્યાય બની ગયા છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈએ તેમના આગવા દૃષ્ટિકોણથી મુખ્યમંત્રી તરીકે ભૂકંપ બાદ કચ્છના પુનર્વસન અને નર્મદાનીરને કચ્છના સૂકા રણપ્રદેશ સુધી પહોંચાડ્યા અને વિવિધ વિકાસકામો કર્યાં છે. જેના થકી કચ્છની કાયાપલટ થઈ છે અને આજે કચ્છ વિશ્વ પ્રવાસનનું કેન્દ્ર બન્યું છે. આ જ પ્રકારે વાઈબ્રન્ટ સમિટ જેવાં આયોજનો થકી ગુજરાત બેસ્ટ ચોઈસ ફોર ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે અને હવે ગ્રીન એનર્જી તથા સેમિ કંડક્ટર હબ બનવા તરફ અગ્રેસર છે. વડાપ્રધાનશ્રીએ 'વિકાસ ભી, વિરાસત ભી' મંત્ર આપ્યો છે. ત્યારે લોક સંસ્કૃતિને જિવંત રાખવાનું કામ ફિલ્મો કરે છે. ગુજરાત એ કથા, કલા અને સંસ્કૃતિની ભૂમિ છે. તેમણે જણાવ્યું કે ગુજરાતી ફિલ્મોને સહાયરૂપ થવા માટે રાજ્ય સરકારે શ્રેષ્ઠ ફિલ્મ પ્રોત્સાહક નીતિ ઘડી છે તેમજ ફિલ્મોદ્યોગને સહાયરૂપ થવા માટે પણ રાજ્ય સરકાર હંમેશાં તૈયાર છે. સંસ્કૃતિનું નિરૂપણ કરતી અને લોકભોગ્ય તેમજ પારિવારિક ફિલ્મોના નિર્માણ પર ભાર મૂકતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આજે પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવ અને અનુકરણવાળા કન્ટેન્ટના ધરાવતી ફિલ્મો નો પ્રભાવ અને પ્રવૃત્તિઓ વધી રહી છે, ત્યારે સારું અને સાચું કન્ટેન્ટ દર્શાવતી અને વૈજ્ઞાનિક અભિગમવાળી વધુ ને વધુ ફિલ્મો બને તે જરૂરી છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે ફિલ્મો એ સમાજનો અરિસો છે, ત્યારે સારી ફિલ્મોના નિદર્શનની સારી અસર પણ સમાજ પર ચોક્કસ પડશે. આ દૃષ્ટિએ આ શોર્ટ ફિલ્મ ફેસ્ટિવલને મુખ્યમંત્રીશ્રીએ રાઈટ જોબ એટ રાઈટ ટાઈમ ગણાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નને સાકાર કરવા માટે અને આપણી ભવ્ય સંસ્કૃતિ અને વિરાસતને વિશ્વ સમક્ષ ઉજાગર કરતી ફિલ્મોનું નિર્માણ કરતા રહેવા માટે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સૌ ઉપસ્થિત અગ્રણીઓને આહવાન કર્યું હતું. ગુજરાત પ્રવાસન વિભાગ, વિશ્વ સંવાદ કેન્દ્ર, ભારતીય ચિત્ર સાધનાના સંયુક્ત ઉપક્રમે શોર્ટ ફિલ્મ બનાવનારા પ્રતિભાશાળી સર્જકોને પ્લેટફોર્મ અને પ્રોત્સાહન આપવાના ઉદેશ સાથે બે દિવસીય સપ્તરંગ શોર્ટફેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ વિષયો પર કુલ ૨૭૭ જેટલી શોર્ટ ફિલ્મ્સની એન્ટ્રી નોંધાઈ હતી. જેમાંથી ૩૭ ફિલ્મનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું તેમજ બે માસ્ટર ક્લાસનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સપ્તરંગ ફિલ્મ સોસાયટીના અધ્યક્ષ શ્રી વંદન શાહ, જાણીતા કલાકાર અને ફિલ્મનિર્માતા શ્રી ડૉ. ચંદ્રપ્રકાશ દ્વિવેદી, બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના કુલપતિ સુશ્રી અમીબેન ઉપાધ્યાય, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત પ્રચાર પ્રમુખ શ્રી વિજયભાઈ ઠાકર સહિત જાણીતા ફિલ્મ નિર્માતાઓ તેમજ કલાકારો-કસબીઓ અને ફિલ્મચાહકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**ન્યૂઝ બ્રિફ**

## અમદાવાદમાં આખે આખી નકલી કોર્ટ ઝડપાતા ખળભળાટ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

ગુજરાતમાં અત્યાર સુધી નકલી કચેરીથી લઈને નકલી પોલીસ, નકલી અધિકારી, નકલી ટોલનાકા, આખે આખી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ, ક્લિનિક ચલાવતા બોગસ તબીબ ઝડપાયા હતા. પરંતુ હવે આજ બાકી હતું. સાઉથના એક ફિલ્મની જેમ અમદાવાદમાં આખે આખી નકલી કોર્ટ ઝડપાઈ છે. જી હા...અમદાવાદમાં સિટી સિવિલ કોર્ટની સામે જ નકલી કોર્ટનો ભાંડો ફૂટ્યો છે. રાજ્યમાં નકલીનો રાફડો ફાટ્યો છે, ત્યારે નકલી પોલીસ અને અધિકારીઓ બાદ નકલી કોર્ટ પકડાતા ખળભળાટ મચી જવા પામ્યો છે. અમદાવાદમાં હવે નકલી કોર્ટ પકડાઈ છે. જેમાં આર્બિટ્રેટર બની અનેક નકલી ઓર્ડર અપાયા હોવાનો ખુલાસો થયો છે. મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચયન નામના વ્યકિતએ નકલી ઓર્ડર આપ્યા છે. આ સમગ્ર ઘટનાનો ભાંડો સિટીસિવિલ કોર્ટની સામે જ ફૂટ્યો છે.

## રાજય સરકારના વર્ગ-૪ ના કર્મચારીઓને દિવાળીની ભેટ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

રાજ્ય સરકારે વર્ગ ૪ના કર્મચારીઓને દિવાળી પહેલા જ ભેટ આપી દીધી છે. આગામી સમયમાં આવી રહેલા દિવાળીના તહેવારોને ધ્યાનમાં લઈને વર્ગ-૪ ના કર્મચારીઓ ઉત્સાહપૂર્વક દિવાળી ઉજવી શકે તે માટે રૂપિયા ૭૦૦૦ ની મર્યાદામાં બોનસ આપવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. વર્ગ-૪ના અંદાજે ૧૭,૭૦૦થી વધુ કર્મીઓને લાભ મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આગામી દિવાળીના તહેવારો વર્ગ-૪ના કર્મચારીઓ ઉત?સાહપૂર્વક ઉજવી શકે તે માટે રૂપિયા ૭૦૦૦ હજારની મર્યાદામાં એડહોક બોનસ આવા વર્ગ-૪ના કર્મચારીઓને આપવાનો નિર્ણય કર્યો છે.

**ઓફિસોમાં હેલ્મેટ ડ્રાઈવનું આયોજન કરાયું હતું** । રાજકોટ મનપા કચેરીમાં પણ હેલ્મેટ વગરના કર્મીઓ પાસેથી રૂ.૫૦૦નો દંડ વસૂલાયો હતો

# હેલ્મેટના કડક કાયદા વચ્ચે ગુજરાતની સરકારી ઓફિસમાં હેલ્મેટ વગરના કર્મીઓ દંડાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં હેલ્મેટના કડક કાયદાનો અમલ કરાવવા રાજ્ય સરકારને ટકોર કરી હતી. જેને પગલે ગુજરાતની સરકારી ઓફિસોમાં હેલ્મેટ ડ્રાઈવનું આયોજન કરાયું હતું. જેમાં ગાંધીનગર સચિવાલય બહાર અને રાજકોટ મનપા કચેરીની બહાર અનેક કર્મીઓ હેલ્મેટ વગર ઝડપાતા તેમને દંડ ફટકારવામાં આવ્યો હતો.તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા હેલ્મેટના કાયદાનો કડક અમલ કરાવવા રાજ્ય સરકારને ટકોર કરવામાં આવી હતી. એને લઈને રાજ્ય સરકાર દ્વારા ૧૯ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ પરિપત્ર બહાર પાડીને સરકારી કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજિયાત કરવામાં આવ્યું છે. આ કાયદાનો આજથી (૨૦ ઓક્ટોબર) જ અમલ શરૂ



કરવામાં આવ્યો હતો, જેમાં ગુજરાતભરની સરકારી કચેરીમાં પોલીસ દ્વારા હેલ્મેટ ડ્રાઈવ યોજાઈ રહી છે. ગાંધીનગર સચિવાલય ગેટ બહાર પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરાયું હતું, જેમાં અનેક હેલ્મેટ વગરના કર્મચારીઓ દંડાયા હતા. આજ પ્રકારે રાજકોટ મનપા કચેરીમાં પણ હેલ્મેટ વગરના કર્મીઓ પાસેથી રૂ.૫૦૦નો દંડ વસૂલાયો હતો. આજે ગાંધીનગર સચિવાલય ગેટની બહાર પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ઓફિસ અવર્સમાં પોલીસ દ્વારા સચિવાલયના ગેટની બહાર કાર્યવાહી કરવામાં આવતાં ઘણા-ખરા કર્મચારીઓ હેલ્મેટ પહેર્યા વગરના મળ્યા હતાં, જેમની સામે નિયમ મુજબ પોલીસ દ્વારા દંડાત્મક કાર્યવાહી પણ કરવામાં આવી હતી. જોકે સરકારે પરિપત્રને લીધે જે-તે વિભાગના વડાઓએ પોતાના કર્મચારીઓને અગાઉથી જ સૂચનાઓ મોકલી આપવામાં આવી હતી, એને લઈને મોટા ભાગના કર્મચારીઓ આજે હેલ્મેટ પહેરેલા જોવા મળ્યા હતા.બીજી તરફ પોલીસ દ્વારા ૨૫મી ઓક્ટોબર સુધી ખાસ ટ્રાફિક ડ્રાઈવ પણ યોજવામાં આવી છે. જે અન્વયે શહેરના મહત્ત્વના સર્કલ, હાઈવે-રોડ પર પણ પોલીસ સઘન ચેકિંગ કરી ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા વાહનચાલકો સામે કાર્યવાહી કરી રહી છે.આ સાથે રાજકોટ મહાનગરપાલિકા સહિતની સરકારી કચેરીઓ ખાતે સવારથી જ ટ્રાફિક પોલીસ અને ટ્રાફિક બ્રિગેડની ટીમો તહેનાત કરવામાં આવી હતી. મનપા કચેરીએ આવતા તમામ વાહનચાલકોને રોકવામાં આવ્યા હતા તેમજ અરજદારોને છોડી સરકારી નોકરી કરતા કોર્પોરેશનના હેલ્મેટ પહેર્યા વિના આવેલા કર્મચારીઓ પાસેથી સ્થળ પર જ રૂ. ૫૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો.ટ્રાફિક-પોલીસ દ્વારા હેલ્મેટ વગરના કર્મચારીઓ પાસેથી દંડ વસૂલવામાં આવતાં ક્યાંક કચવાટ જોવા મળ્યો હતો. જોકે પોતે સરકારી કર્મચારી હોવાથી કંઈપણ બોલ્યા વિના તમામ લોકોએ નિયમ મુજબ દંડ ભર્યો હતો, સાથે હવેથી હેલ્મેટ પહેરી વાહન ચલાવવાની ખાતરી આપી હતી. સરકાર દ્વારા સૌપ્રથમ સરકારી કર્મચારીઓ માટે આ કાયદો લાવવામાં આવ્યો છે.

**એરબસ પ્રોજેક્ટનું કરશે લોકાર્પણ**

# સ્પેનના પીએમ સાથે વડાપ્રાધાન નરેન્દ્ર મોદી આવશે વડોદરા

### વડાપ્રધાન મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાચેઝ આગામી ૨૮ ઓક્ટોબરે વડોદરા શહેરની મુલાકાત લેશે

। (એજન્સી) વડોદરા, તા.૨૧ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાચેઝ ૨૮ ઓક્ટોબરના રોજ વડોદરાની મુલાકાતે આવી રહ્યા છે. સ્પેનના વડાપ્રધાન અને પીએમ મોદીના આગમને કારણે વડોદરા મહાનગર પાલિકા દ્વારા શહેરમાં પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગો, ડિવાઈડરો, ફૂટપાથ અને જાહેર સ્થળોની સાફસફાઈ કરવામાં આવી રહી છે. તેમજ રોડ-રસ્તાઓના સમારકામની કામગીરી પણ તેજ ગતિએ ચાલી રહી છે. શહેરના જાહેર માર્ગોને શોભાયમાન બનાવવા માટે રંગરોગાન અને વૃક્ષારોપણ જેવા કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. હાલમાં આવેલી પૂરની આપદા બાદ શહેરના મુખ્ય વિસ્તારોમાં થયેલાં નુકસાનને



ઠીક કરવામાં વડોદરા મહાનગર પાલિકાનું તંત્ર દિવસ-રાત મહેનત કરી રહ્યું છે. ખાસ કરીને પૂરના કારણે રસ્તા પર પડેલા ભૂવા અને ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું સમારકામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવી રહ્યું છે. વડોદરા શહેરની આગવી ઓળખ એવી એમ.એસ. યુનિવર્સિટી, કીર્તિ મંદિર, ન્યાય મંદિર અને લક્ષ્મીવિલાસ પેલેસને આકર્ષક અને વિશિષ્ટ લાઈટિંગથી સજાવવામાં આવ્યા છે અને સાથે ત્યાં રંગરોગાન પણ કરવામાં આવી રહ્યું છે. આ સાથે વડોદરા શહેરના મુખ્ય માર્ગોની બંને બાજુની દીવાલો પર દોરવામાં આવેલા ગ્રેફિટી ચિત્રો આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડોદરા ખાતે મહત્વાકાંક્ષી એરબસ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવા જઈ રહ્યા છે. આ એક 'મેક ઈન ઈન્ડિયા' પ્રોજેક્ટ છે, જે સ્વદેશી વિમાનોના ઉત્પાદનને પ્રોત્સાહન આપશે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન મોદી બે વર્ષ પહેલા, ૩૦ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ વડોદરા ખાતે આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો અને આજે બરાબર બે વર્ષ પછી તેઓ આ પ્રોજેક્ટનું લોકાર્પણ કરી રહ્યા છે. આ બાબત તેમના એ વાક્યને ફરી એકવાર પ્રતિબિંબિત કરે છે, તેમના નેતૃત્વ હેઠળની સરકાર જે પ્રોજેક્ટનો શિલાન્યાસ કરે છે, તેનું લોકાર્પણ પણ કરે છે. વડોદરા ખાતેનો ટાટા એરબસ પ્રોજેક્ટ ભારતીય વાયુસેના માટે પરિવહન વિમાનોનું ઉત્પાદન કરશે અને સંરક્ષણ ક્ષેત્રે નવી ઉડાનનુ નિમિત્ત બનશે.દેશના આર્થિક વિકાસ માટે ખૂબ જ મહત્વના પ્રોજેક્ટ માટે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાચેઝ વડોદરા આવી રહ્યા છે. ત્યારે સમગ્ર વિશ્વ ભારત અને સ્પેનના મૈત્રીપૂર્ણ સંબંધોનું સાક્ષી બનશે. ઉલ્લેખનીય છે કે, ભારત અને સ્પેન, બંને દેશોની અત્યંત મહત્વની દ્વિપક્ષીય બેઠક બંને વડાપ્રધાન વચ્ચે વડોદરામાં યોજાઈ રહી છે, જેના ઉપર સમગ્ર વિશ્વની નજર હશે. તેથી જ શહેરમાં સુરક્ષાની પણ વિશેષ તૈયારીઓ કરવામાં આવી રહી છે. કોઈ અનિચ્છનીય બનાવ ના બને એ માટે પોલીસકર્મીઓ અને સ્થાનિક અધિકારીઓ દ્વારા શહેરના દરેક મુખ્ય વિસ્તારમાં કડક સુરક્ષા બંદોબસ્ત ઊભો કરવામાં આવ્યો છે.

**ગુજરાતની વિશિષ્ટ સ્થિતિને ધ્યાને લઈને રજુઆત**

# વધુ નાણાં ફાળવવા સીએમ ભૂપેન્દ્ર પટેલની ૧૬માં ફાયનાન્સ કમિશનને રજૂઆત

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૧ ।

૧૬મું ફાયનાન્સ કમિશન તારીખ ૧ એપ્રિલ ૨૦૨૬થી શરૂ થતા પાંચ વર્ષના સમયગાળાને આવરી લેતો અહેવાલ તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ના ઉપલબ્ધ કરાવવાનું છે. આ સંદર્ભમાં અહેવાલ આખરી કરતાં પહેલાં રાજ્યોની મુલાકાત લઈને સંબંધિત રાજ્યો સાથે વિસ્તૃત ચર્ચાઓ હાથ ધરવા ૧૬મું ફાયનાન્સ કમિશન ગુજરાતની મુલાકાતે આવેલું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૬માં ફાયનાન્સ કમિશન સાથેની બેઠકમાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો કે, ગુજરાત જેવાં જે રાજ્યો ફિસ્કલ પ્રુડન્ટ ડિસિપ્લિન્ડ રીતે જાળવે છે તેમને આ માટે કમિશન દ્વારા રીવોર્ડઝ મળવા જોઈએ. આના પરિણામે આવા રાજ્યોના જવાબદાર નાણાં વ્યવસ્થાપન અને શિસ્તબદ્ધ ખર્ચને ઓળખ મળશે એટલું જ નહીં, અન્ય રાજ્યો પણ આ માટે પ્રેરિત થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અન્ય એક મહત્વપૂર્ણ પહેલુ પ્રત્યે ફાયનાન્સ કમિશનનું ધ્યાન દોરતા કહ્યું કે, ગુજરાતમાં જે વિશિષ્ટ પરિસ્થિતિ છે તેને પણ આયોગે ફંડિંગ ફાળવણીમાં ધ્યાને લેવી જરૂરી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે પાછલા બે દશકમાં અસાધારણ વિકાસ કર્યો છે. ૨૦૦૧માં દેશના જીડીપીમાં ૬ ટકાથી વધુ યોગદાન આપનારૂ ગુજરાત નરેન્દ્રભાઈના દિશાદર્શનમાં આજે ૮.૫ ટકાથી વધુ યોગદાન આપે છે. ૧૬માં ફાયનાન્સ કમિશનના અધ્યક્ષ ડૉ. અરવિંદ પનગઢિયાએ ગુજરાતની આર્થિક પ્રગતિની પ્રશંસા કરતા કહ્યું કે, છેલ્લા દસ વર્ષમાં જ્યારે સમગ્ર દેશનો રીયલ જીડીપી ગ્રોથ રેટ એવરેજ ૬ ટકા જેટલો રહ્યો છે.